

# અધ્યાત્મ

વર્ષ : ૧૮ સપ્ટેમ્બર–૧૯૯૭ અંક : ૧૨

## * અવિદ્યાનું એક કારણ અનિત્યમાં નિત્ય બુદ્ધિ. *

મનુષ્યશરીર તથા આ દેખાય છે કે અનુભવાય છે એ જગત શું નિત્ય છે? સદાને સારું એ એકસરખું રહેનારું છે કે? બિલકુલ નહિ. પરિવર્તન પ્રકૃતિનો પ્રધાન સૂર છે. તેમાંથી પ્રકટ થયેલા ને થતા પદાર્થોનું પણ એવું જ છે. પદાર્થો ઉત્પન્ન થાય છે, વધે છે, વિકારને વશ થાય છે. ને છેવટે એમના વર્તમાનરૂપમાં દેખાતા બંધ થાય છે. કળીમાંથી ફૂલ, ફૂલમાંથી ફળ ને છેવટે તેની સમાપ્તિ. ચંચળતાની ચગ-ડોળ એ રીતે રાતદિવસ ચાલ્યા જ કરે છે. મનુષ્યશરીર પણ એવું જ અસ્થાયી છે ને? તે પણ જન્મે છે, વધે છે, ગુણ-દોષથી સંપન્ન વેરવિખેર થઈ જાય છે. માટે જ એને ક્ષણ-ભંગુર કહે છે. એની અવસ્થા એકસરખી નથી રહેતી. તેનો નાશ નક્કી છે. સામે જે જંગલ દેખાય છે તેમાં કહે છે કે પહેલાંના જમાનામાં ઘણી વસ્તી હતી, ને સામે ઊભેલા ખંડેરોને સ્થાને મોટાં મકાનો હતાં. ગંગામાં એક વાર મોટું પૂર આવ્યું ને મકાનો તૂટી પડયાં. પાટલીપુત્ર, વૈશાલી, તક્ષ-શિલા, લંકા ને સોનાની દ્વારિકા આજે ક્યાં છે? એવું તો ન જાણે કેટકેટલું કાળના કરાળ પ્રવાહમાં વિલીન થઈ ગયું છે! જગત એવું જ અનિત્ય છે. શરીર પણ કાયમ માટે રહેનારું નથી. છતાં પણ કેટલાક લોકો તેમને નિત્ય કે સનાતન સમજીને એમાં જ રચ્યાંપચ્યાં રહે છે. એ એક જાતનું અજ્ઞાન જ છે. એ બધું અનિત્ય છે એ વાતને યાદ રાખવા-થી વૈરાગ્યમાં મદદ મળે છે ને મમતા, અહંકાર ને આસક્તિ-નો અંત આવે છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિસ્સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| એક કરુણ ઘટના | નારાયણ હ. જાની | ૮ |
| હરિ તારાં છે હજાર નામ | મહેશ દવે | ૧૨ |
| મન થયું. | દક્ષેશ કોન્ટ્રાક્ટર (ચાતક) | ૨૦ |
| નિયતિ | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૧ |
| થાય બેડો પાર | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૨ |
| યાત્રા–પરમ સમીપે–(૪) | સુરેશ શાહ–ટોરન્ટો, કેનેડા | ૨૩ |
| શાન્તિ આપે તેને સંત કહીએ | નારાયણ હ. જાની | ૩૦ |
| પુષ્ટિ સંપ્રદાયના પ. પૂ. ગોંસાઈજીના પરમ ભક્ત શ્રી ગોવિંદસ્વામી | પ્રા. રમેશભાઈ પરીખ | ૩૭ |
| પોલ બ્રન્ટનની મહર્ષિ સાથેની મુલાકાત | યોગેશ્વર | ૪૭ |
| અંબાજી–સ્વર્ગારોહણમાં નવરાત્રિ જપયજ્ઞ | તંત્રી | ૫૬ |
| ગુરુપૂર્ણિમા | સુરેશભાઈ શાહ, કેનેડા | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી


વર્ષ : ૧૮ સપ્ટેમ્બર–૧૯૯૭ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧૩–૬–૮૧, શનિવાર, જેઠ સુદ અગિયારસ, ૨૦૩૭

સ્થળ : માઉન્ટ આબુ.

સવારે સર્વેશ્વરી પોતાના નિયમ મુજબ આનંદ આવે છે તેથી ૬ થી ૮ નખી તળાવના એકાંતબાગમાં બેસીને જપ પ્રાર્થના કરે છે. શ્રી કલ્યાણ ને શ્રી વિજયભાઈ પણ જોડાય છે. પછી ૮ પછી નૌકાવિહાર ૧૫ મિનિટ માટે કરવામાં આવ્યો. થોડું બજારનું કામ પતાવી લગભગ ૮–૪૫ એ ઉતારા પર સર્વેશ્વરી આવી જાય છે.

પૂ. શ્રી સવારે સમયસર સ્નાન કરીને, શિર્ષાસન કરી, માળા કરી થોડી અસ્વસ્થતા હોવાથી આરામ જ કરે છે.

પૂ. શ્રી આજે સર્વેશ્વરીને શાંતિથી સમજાવતાં કહે છે : 'તમે સવારનો આવો કિંમતી સમય બહાર પસાર કરો છો. મને લાગે

છે કે આ તો હું છું એટલે તમે ઉતારા પર પણ આવો છો, નહીંતર સવારનો સમય તમે બહાર જ પસાર કરોને?'

સર્વેશ્વરી એના જવાબમાં કહે છે, 'મેં ૬ થી ૭ જપ, ૭ થી ૮ પ્રાર્થના કરી ને જ્યારે નૌકાવિહાર કર્યો ત્યારે પણ રામાયણ ને ગીતાનો રોજનો પાઠ જ કર્યો હતો. વળી ૬ થી ૮ તો મૌન જ હતું. બજારમાં જવું જરૂરી હતું. ત્યાં થોડું મોડું થયું.'

પૂ. શ્રી કહે, 'એમ નહીં. તમે કોઇકને ઇચ્છા થઇ માટે નૌકામાં ન બેસો. આપણે એ રીતે બેસવું યોગ્ય નથી.'

પૂ. શ્રીની વાત શાંતિથી સાંભળી ને સર્વેશ્વરી શાંત જ બને છે.

આજે સર્વેશ્વરી રામાયણનું પારાયણ કરવા વિચારે છે. પણ પછી વિચારે છે કે પારાયણ કરતાં તેટલો સમય પ્રાર્થના જ કરું તો! પૂ. શ્રીને પૂછતાં પૂ. શ્રી કહે છે, 'પારાયણ કરવું હોય તો માસપારાયણ અથવા ૧૫ દિવસનું કરો. જ્યાંસુધી તમને પારાયણ કરવાનું ગમે છે ત્યાંસુધી કરો.'

જેથી સર્વેશ્વરી માસપારાયણ આજથી શરૂ કરે છે. પૂ. શ્રી થોડું લેખન કરે છે. અગિયારસ હોવાથી પૂ. શ્રી સાથે સર્વેશ્વરી કેરી રસ, મીઠાઇ લે છે. પછી દ્વાર ખુલે છે. સાડા અગિયારે સૌ આવી જાય છે.

જેને અગિયારસ નથી તે ભોજનાલયમાં જાય છે. બાકીના અહીં જ બેસે છે. ભોજન કરીને આવનારા આવી જાય છે. પૂ. શ્રી વિવેક ચૂડામણિનો ૧૩ મો શ્લોક સમજાવતાં કહે છે :

'આત્માનો નિશ્ચય કરવાનો માર્ગ, મહાપુરુષનાં હિતકારક વચનો વિચારવાથી થાય છે.' સાંભળવાથી નહીં, સત્સંગ, તેનું શ્રવણ, તેનું વળી મનન એ એક એકથી ચઢિયાતું છે. સત્સંગના



શ્રવણની ઇચ્છા કોઇકને જ થાય છે. જેના સંસ્કારો સારા હોય તે કુદરતી રીતે જ એ તરફ વળે છે.'

શ્રી રતનલાલની સેવા, મહાબળેશ્વરના રાજેશ હોટલના માલિકની ભાવનાની વાતો થાય છે. સત્સંગ ને સેવા જે સત્સંગી હોય તે કુદરતી રીતે જ કરે છે.

'સંતકૃપાથી છૂટે માયા ને કાયા નિર્મળ થાય જોને.'

જે કાયાથી કુકર્મો થતા હતા, તેને બદલે હવે સત્કર્મો થવા લાગે એટલે કાયા નિર્મળ થઇ ગણાય. સત્સંગનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન પરમતત્ત્વને ધ્યાનથી મેળવવા પ્રયત્ન કરો. સ્નાન, દાન, પ્રાણાયામથી મનજીરામ સુધરવા જોઇએ તો જ કર્મ સુધરશે. મન સુધરે તો બધું સુધરે. પછી મન સત્કર્મ તરફ જ જાય.

આ વાત પછી દેશની લોકશાહીની વાતો થઇ ત્યારબાદ સૌ વિદાય થયા. પૂ. શ્રીએ થોડો આરામ કરી લેખનકાર્ય કર્યું. છ વાગ્યે દ્વાર ખુલ્યાં.

એક નવા ભાઇ આવીને બેઠા છે જેમણે મોરબી શિબિરમાં ભાગ લીધો હતો. જેથી પૂ. શ્રી તેમને પૂછે છે : 'શિબિર પછી કંઇ જપ, પ્રાર્થના કરો છો?' તે ભાઇ કહે, 'શિબિર પછી થોડા દિવસ કર્યું હતું, પછી નથી થતું.'

પૂ. શ્રી, 'મનને સમજાવી પટાવીને પણ જપ ને પ્રાર્થના કરવા. ઘરમાં છોકરાં હોય તે કંઇક જીદને લીધે ભોજનની ના પાડે તો કેવું સમજાવીએ છીએ. કાલે દુકાને જઇને લઇ આવીશું હોં, આજે જમી લે. (આમ વિવિધ રીતે પટાવીએ છીએ.) છોકરા-ને મારતા નહીં. તે તો આપણને તારવા આવ્યા છે. એમ બાળકને પટાવી મનાવીને જમાડીએ—તેમ મનને સમજાવો. મનને પટાવો

કે ભજન જપ કેમ નથી થતાં. સમય નથી તો સવારે, બપોરે કરીએ. રસ નથી પડતો? તો રસ કેળવીએ. જેમ એકવાર ખાવા બેસો એટલે રસ પડે તેમ હરિરસ પણ પાછળથી લાગે. પ્રથમ તો વિષયરસ જ મીઠો લાગે.

વળી વિચારો કે જેને જેને પ્રભુનો રસ લાગ્યો તેના જીવનને વિચારો. એમ કરતાં ધીરે ધીરે રસ લાગે.

વળી ભોજનની વાત નીકળી તો પૂ. શ્રીએ પોતાના બોર્ડિંગ જીવનની દિનચર્યાની વિગતવાર વાતો કરતાં કહ્યું : 'તનની, મનની, ધનની ને સાથે રહેનાર જનની જો અનુકૂળતા હોય તો રોજ સવારે રાબડી પીઓ. રોજ સવારે બાફેલા ચણા ખાઓ. પછી જુઓ તંદુરસ્તી!'

સાત વાગ્યા સુધી સરસ વાતો થઈ. પછી ૧૫–૨૦ મિનિટ માટે થોડું બહાર ફરવા ગયા. ત્યાંથી આવી પૂ. શ્રીએ આરામ કર્યો. સર્વેશ્વરી શ્રી કલ્યાણ અને શ્રી વિજયભાઇ સાથે બહાર બેઠાં. પૂ. શ્રી માટે ગરમ દૂધ શ્રી વિજયભાઇ લાવ્યા જે પૂ. શ્રી માટે અંદર ટેબલ પર મૂકી દીધું.

પૂ. શ્રી કહે, દૂધ મૂકીને લાઇટ બંધ કરી દો.

સર્વેશ્વરી : અંધારામાં આપ કેવી રીતે પીશો?

પૂ. શ્રી : અરે! જે અહીં બેઠા બેઠા અમેરિકામાં બધું શું થાય તે જોઇ શકે તે દૂધ ન જોઇ શકે? દિવ્યદૃષ્ટિથી બધું થશે.

સર્વેશ્વરી : હા, એ વાત ખરી.

એમ કરી હસતાં હસતાં સર્વેશ્વરી ફરી બહાર જઇને બેઠાં છે. પૂ. શ્રીના રૂમની લાઇટ બંધ છે. બે–ત્રણ મિનિટમાં આખાયે



શહેરની વીજળી બંધ થઇ ગઇ. પરિણામે રૂમમાં બહારના રસ્તાની લાઇટનો જે ઝાંખો પ્રકાશ પડતો હતો તે પણ ન રહ્યો. સંપૂર્ણ અંધકાર છવાઇ ગયો.

બહાર લગભગ ૦।। કલાક બેસી સર્વેશ્વરી રૂમમાં આવે છે. મીણબત્તી સળગાવે છે. જેથી રૂમમાં પ્રકાશ થાય છે.

પૂ. શ્રી પૂછે છે : તમે અહીં રૂમાં દૂધ મૂક્યું હતું, જરા જોઇ લો તો.

અને પૂ. શ્રીના રમૂજી સ્વભાવને સારી રીતે જાણનાર સર્વેશ્વરી દૂધનું ઢાંકેલું વાસણ જુએ છે તો અંદર દૂધ તો ન હતું. પણ પાકી કેરીના ચૂસાયેલા ગોટલા ને છોતરાથી તે વાસણ ભરાયેલું હતું.

સર્વેશ્વરી : ઓહો! અંધારામાં આ કામ આપે કેવી રીતે કર્યું? પૂ. શ્રી હસે છે.

ત્યારબાદ પૂ. શ્રી વળી સર્વેશ્વરીને પણ કેરી, દૂધ વિ. લઇ લેવા કહે છે.

પૂ. શ્રી વળી થોડી વાતો કરે છે. જેમાં હવે આ રીતે દૂર આવવાનું હોય તો ઇલેક્ટ્રીક સગડી, નાની તપેલી વગેરે લાવવાનું વિચારે છે. વળી પરદેશના પ્રવાસમાં પણ હવે આપણે જાતે જ રસોઇ બનાવી લઇશું. એવી વિગતવાર બધી વાતો કરીને આરામ કરે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

# એક કરુણ ઘટના

નારાયણ હ. જાની

અધ્યાત્મ માસિકના વાચકો ભાગ્યે જ 'કલ્યાણ' (ગોરધનભાઇ કલોલાના) નામથી અપરિચિત હશે. કલ્યાણ એટલે પૂ. મા સર્વેશ્વરીના માનસપુત્ર. એમના જેવી ભાવવાહી કલમ ભાગ્યે જ કોઇએ પ્રભુને બક્ષી હોય. એમનું સારું જીવન 'મા'મય. એમની વાણી અને લેખિનીમાંથી પૂ. મા પ્રત્યેની અનન્ય ભક્તિ અને ભાવોની પુનિત ગંગા સતત વહ્યા જ કરે. પૂ. માના જીવનના આધ્યાત્મિક પ્રસંગોનું અર્થઘટન કરતી ભાવવાહી રજૂઆતોની અસ્ખલિત શૃંખલા—તેમના વાર્તાલાપોમાં ગૂંથાતી આવે.

આવા કલ્યાણના જીવનસંગિની શ્રી જ્યોત્સ્નાબેનનો સ્વર્ગવાસ તા. ૨૨–૮–૯૭ ના રોજ મોરબીથી રાજકોટ આવતાં બસ અકસ્માતમાં થઇ ગયો! કિલ્લોલ કરતાં કલોલા પરિવાર પણ જાણે કે વજ્રાઘાત સમી આ ઘટના અણધારી બની ગઇ. ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે! એવું જ કંઇ બની ગયું.

શ્રી જ્યોત્સ્નાબેન એટલે શ્રીકલોલાભાઇ જેવા સરળ, ભાવુક ભોળાદિલના ભગત માણસનું વ્યાવહારિક પાસુ સાચવનાર એક ભડવીર ખમતીધર ખેડૂત જ જોઇ લો. ખૂબ મહેનતુ અને મહેનતકશ વ્યક્તિ. તો એવો જ સરળ અને પ્રેમાળ સ્વભાવ. જમાડે ત્યારે સાક્ષાત્ અન્નપૂર્ણા જ લાગે. કવિ કાલીદાસની ભોજ્યેષુ માતાની ઉક્તિ જાણે શ્રી જ્યોત્સ્નાબેનમાં સાકાર થતી દેખાય.

શ્રી જ્યોત્સ્નાબેન પ. પૂ. ગુરુદેવનાં પણ અનન્ય ભક્ત. તેમની યાદદાસ્ત પણ અદ્‌ભુત. નાની મોટી ઘટનાઓ કે પ્રસંગો



તેઓ સાંગોપાંગ વર્ણવી શકે. પૂ. ગુરુદેવ અને પૂ. મા પ્રત્યેનો તેમનો આદર અને અહોભાવ શ્રેષ્ઠ સાધકોને પણ ટપી જાય એવો. પૂ. શ્રી અને પૂ. મા સાથેના કેટલાય પ્રસંગો તેમને મુખે સાંભળવા એ પણ એક લહાવારૂપ લાગે.

ઓછું ભણેલાં પરંતુ પૂ. પ્રેમજી બાપાની કૂખને ઉજાળી એવું ઉત્તમ ને સુંદર જીવન તેઓ જીવી ગયાં. શ્રી કલ્યાણના અલગારી જીવનમાં એમણે કદીય પોતાના વ્યક્તિગત સુખ કે વ્યાવહારિક કાર્યોને અડચણો આવવા ના દીધી. એથી ઉલ્ટુ કલ્યાણના ધાર્મિક કાર્યોમાં તેઓ સાચા અર્થમાં તેમની ધર્મપત્ની બનીને ઊભાં રહ્યાં. તેમની સાથે ઉત્સાહભેર જોડાતાં રહ્યાં.

શ્રી જ્યોત્સ્નાબેન એટલે સદાયે સત્સંગીઓને સ્મિતથી સત્કારતાં વહાલસોયાં મા જેવાં લાગે. તેમને આંગણે જ્યારે પૂ. ગુરુદેવ કે પૂ. મા અરે, કોઇ સાધકો પણ પધારે તો અડધાં અડધાં થઇ જાય. એવો અતિથિઓ પ્રત્યેનો એમનો આદરભાવ.

એમના બે પુત્રો—વિજય અને અજય. એમાં અજય કલોલા (પૂ. માની અસંખ્ય વિડિયો ઉતારનાર) નાનો હોવાને નાતે એમનો ખૂબ લાડીલો. એની નાની મોટી શરારતો—માતૃવાત્સલ્યભાવે તેઓ પ્રસન્નમુદ્રાથી સહી લે. એમની આંખોમાં જ એવો મૃદુભાવ તર્યા કરે કે જાણે એ માતા કદી પણ પુત્ર પર ગુસ્સો કરી જ ના શકે. વળી નાનાં બાળકોનાં તો એ માજ. નાની મોટી ફરિયાદોની એક અદાલત. ખેડૂતજીવનના અનેક પ્રકારના કામના બોજાઓ વચ્ચે પણ એ પોતાનું નિર્ધારિત અધ્યાત્મિક જીવન જીવતાં. રોજના જપ, ગીતા વાંચન, સ્તોત્રપાઠ કરતાં રહેતાં. બાકી એમનું માનસિક અનુસંધાન પૂ. ગુરુદેવ અને પૂ. મા સાથે ચાલતું જ રહેતું. ઉપરથી સાંસારિક પ્રવૃત્તિઓમાં ગડાબૂડ દેખાતાં શ્રી જ્યોત્સ્નાબેન આંતરિક રીતે અલિપ્તભાવે ફરજો બજાવતાં રહેતાં.

વળી કોઇને પણ ઉપયોગી કે મદદરૂપ થવાની એમની વૃત્તિ–એમના પ્રત્યે આદરભાવ જગાડ્યા વિના રહે નહિ.

સત્સંગની બેઠકોમાં હંમેશાં આગળનું સ્થાન શોભાવતાં તેઓ બેસે. તેઓ કોઇનું પણ વક્તવ્ય ખૂબ ધ્યાનથી સાંભળે. અંગ્રેજીમાં આપણે જેને With Rapt–attention કહીએ એવું જ કંઇક. સત્સંગની કોઇ પણ બેઠક શ્રી જ્યોત્સ્નાબેન વગર સૂની લાગે એવું એમનું ભરાવદાર વ્યક્તિત્વ.

એમની આવી અણધારી વિદાય એમના પતિ શ્રી ગોરધનભાઇ, પુત્રો શ્રી વિજય અને અજય, તેમની દીકરી જયશ્રી અને ભાઇઓ માટે–મોટા ખાલીપાનો વિષય બની ગઇ! ઘડી પહેલાંનાં જીવતાં જાગતાં જ્યોત્સ્નાબેન છબી બનીને ખીંટી ઉપર ટીંગાઇ ગયાં એ વાત મન સહેલાઇથી કેમ સ્વીકારી શકે! છતાં તે એક વાસ્તવિકતા છે. વ્યાવહારિક સત્ય છે. એને મને કે કમને સ્વીકારવું જ રહ્યું.

જેઓ પોતાનું ઐહિક જીવન સરસ રીતે જીવી જાય છે, તેમને મૃત્યુ પછી પણ શાન્તિ જ હોવાની. આમ છતાં એક સ્નેહીના નાતે આપણે સહુ મા–પ્રભુને પ્રાર્થીએ કે એમના જીવને તેઓ શાન્તિ બક્ષે. પરિવારને પણ આ અણધાર્યું આવી પડેલું દુઃખ સહન કરવાની શક્તિ મા–પ્રભુ આપે. જ્યોત્સ્નાબેનની અણધારી વિદાય સહુ જીવંત વ્યક્તિઓને પણ જીવનની ક્ષણભંગુરતા અને મૃત્યુની નિશ્ચિતતા સૂચવી જાય છે. એટલે તેઓ પણ જાગ્રત બનીને જીવતા થાય. સદૈવ મૃત્યુને યાદ રાખતો માણસ કદી પણ પાપ કરી શકતો નથી. એ રીતે સહુ જીવતા થાય એ જ અપેક્ષા.

ફરી શ્રી જ્યોત્સ્નાબેનને અમે અમારી આ શ્રદ્ધાંજલિ–અશ્રુભરી આંખે આપી વિરમીએ છીએ–મા–પ્રભુ એમને શાશ્વત શાન્તિ આપે–જ્યોત્સ્નાબેનના જાની કાકાની આ પ્રેમાંજલિ–શ્રદ્ધાંજલિ બની રહે. □



# હરિ તારાં છે હજાર નામ

મહેશ દવે

ઈશ્વર અદ્વૈતરૂપ છે એવી પરંપરા આપણે ત્યાં રૂઢ થયેલી છે. ઈશ્વર એક અને અદ્વિતીય છે. જો કે ઈશ્વરની શક્તિનાં ત્રણ રૂપ માન્યાં છે : સર્જનશક્તિ, સંચાલનશક્તિ અને વિસર્જનશક્તિ. સર્જનશક્તિને બ્રહ્મારૂપે કલ્પી છે. સંચાલનશક્તિને વિષ્ણુરૂપે પૂજી છે. વિસર્જનશક્તિને મહેશરૂપે માની છે. આ ત્રણે વાસ્તવમાં એક જ શક્તિનાં વિવિધ રૂપ છે.

ઈશ્વરીય શક્તિનું સંચાલનરૂપ સંસારીઓને સવિશેષ સ્પર્શે છે. સંસારીઓમાં આથી વિષ્ણુસ્તુતિ અને વિષ્ણુસહસ્રનામનો ભારે મહિમા છે. અનેક રીતે સંસારીઓ વિષ્ણુને ભજે છે.

'વિષ્ણુ' શબ્દ મૂળ 'વિશ્'પરથી આવ્યો છે. 'વિશ્' એટલે વ્યાપવું. માણસનાં શરીર, મન અને બુદ્ધિમાં વિષ્ણુ આત્મારૂપે વ્યાપ્ત છે. એ જ વિષ્ણુ સમગ્ર વિશ્વમાં બ્રહ્મરૂપે વ્યાપ્ત છે.

વિષ્ણુની વિભૂતિરૂપે પણ કલ્પના કરી છે. વિષ્ણુના દેહને ભૂરા રંગનો કલ્પ્યો છે. તેમનાં વસ્ત્રો પીળા રંગનાં છે.

આકાશ અને સમુદ્રનો ભૂરો રંગ અનંત, અસીમ વ્યાપકતા સૂચવે છે. પીળો રંગ ધરતીનો સંકેત આપે છે. વિષ્ણુને દૂધના સમુદ્રમાં–ક્ષીરાબ્ધિમાં શેષનાગ પર યોગનિદ્રામાં શયન કરતા પણ કલ્પ્યા છે. ભગવાન વિષ્ણુના ચાર હાથ દર્શાવાય છે. તેમણે એક કરમાં શંખ, બીજામાં ચક્ર, ત્રીજામાં ગદા અને ચોથામાં પદ્મ ધારણ કર્યાં છે. શંખ ધર્મમય જીવન માટે આહ્વાન આપે છે. તે

માર્ગે ઉત્ક્રાન્તિ સાધી પદ્મ બની શકાય. અન્યથા માણસ કે સમાજ ગદા અને ચક્રથી નાશ પામે છે.

આ રીતે વિષ્ણુને વિભૂતિરૂપે પૂજાય છે. પણ તેના કરતાં પણ વિષ્ણુને અનેક નામે સ્મરવાની, જપવાની પરંપરા વધુ દૃઢ છે.

ઈશ્વર એક છે, અદ્વિતીય છે તે ખરું. પણ એક જ તત્ત્વને જ્ઞાનીઓ, સાધુઓ, સંતો, ભક્તો, ભાવિકો અને સંસારીઓ અનેક નામે બોલાવે છે અને સ્મરે છે, તે પણ એટલું જ સાચું છે : **एकं सत् विप्रा बहुधा वदन्ति.**

એક તરફથી માનવું કે ઈશ્વર એક અદ્વૈતરૂપે છે અને બીજે પક્ષે તેનો અનેક નામે જપ કરવો, એ બે વાતમાં વિરોધ લાગે, પણ ખરેખર વિરોધ નથી, વિરોધાભાસ છે. એક ઈશ્વર અને તેનો અનેક નામે જાપ એ વચ્ચે આપણા ધર્મે સરસ સુમેળ સાધી આપ્યો છે. એટલે જ મુનિવર વ્યાસ ગીતામાં એકેશ્વરવાદ પ્રબોધે છે અને એ જ મહાભારતના અનુશાસનપર્વમાં વિષ્ણુસહસ્રનામનું સ્તોત્ર પણ આપ્યું છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યે ભારતભરમાં અદ્વૈત-વાદનો પ્રચાર અને પ્રસાર કર્યો. એમણે જ આગળ જતાં દેવ-દેવીઓની ભક્તિનાં સ્તોત્રો રચ્યાં અને વિષ્ણુસહસ્રનામ પર ભાષ્ય પણ લખ્યું.

હજારો વર્ષથી વિષ્ણુસહસ્રનામનો મહિમા છે. દિવ્ય નામના રટણની શક્તિ અને કાર્યસાધકતા વિદ્વાનો તેમ જ ભક્તોએ પ્રબોધી છે. ઉત્તરમાં લક્ષ્મીધરે 'ભગવન્નામકૌમુદી'માં નામસાધનનું માહાત્મ્ય બતાવ્યું છે. દક્ષિણમાં નામસિદ્ધાંત પર 'ભગવન્નામ-ભૂષણ' અને 'નામામૃતરસાયણ' જેવા ગ્રંથો લખાયા છે. બંગાળ તેમજ ગુજરાત–મહારાષ્ટ્રના સંતોએ નામસ્મરણનો મહિમા ગાયો



છે. આમ વર્ષોથી નામમાહાત્મ્યની ગંગા સતત વહેતી રહી છે. પંડિતો અને જ્ઞાનીઓ, ભાવિકો અને ભક્તો, મહાજનો અને પૃથગ્જનો બધા નામસ્મરણની ગંગામાં સ્નાન કરી પવિત્ર થવાનો લહાવો લે છે. એ ગંગા પ્રજાનાં લોકગીતોમાં પણ ઊતરી છે : 'હરિ તારાં નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી?!'

## વિષ્ણુસહસ્રનામનો સંદર્ભ

વિષ્ણુસહસ્રનામનો ઉપદેશ ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરના સવાલના જવાબમાં આપ્યો છે. જ્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે ભીષ્મ પિતામહને પ્રશ્ન કર્યો :

"બધા ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ કયો?"

"કોના જપ કરવાથી જન્મ–મરણના બંધનમાંથી જીવ મુક્ત થઇ શકે?"

ત્યારે ભીષ્મ પિતામહે ઉત્તર આપ્યો:–

"માણસ ભક્તિપૂર્વક ભગવાન વિષ્ણુની સ્તુતિ–પૂજા કરે તેને હું શ્રેષ્ઠ ધર્મ માનું છું. ભગવાન વિષ્ણુનાં સહસ્ર નામ મારી પાસેથી સાંભળ. તેનું રટણ કરવાથી માણસ સંસારના બંધનમાંથી મુક્ત થાય છે."

આ પ્રમાણે જણાવી ભીષ્મ પિતામહે વિષ્ણુનાં સહસ્ર નામ ગાયાં. તેનું સ્તવન કરવાનો ઉપદેશ આપ્યો. આ છે વિષ્ણુસહસ્ર-નામનો સંદર્ભ.

ધર્મરાજ યુધિષ્ઠિરના પ્રશ્નની ભૂમિકા સમજવા જેવી છે.

યુધિષ્ઠિર ધર્મના જ્ઞાતા છે, જ્ઞાનવૃદ્ધ છે, અનુભવ–સમૃદ્ધ છે. પણ મહાભારતના શાંતિપર્વમાં તેમની ભૂમિકા સામાન્ય સંસારી

જેવી છે. મહાભારતનું દારુણ યુદ્ધ પૂરું થયું છે. પાંડવોનો વિજય થયો છે. દેખીતી રીતે યુધિષ્ઠિર પ્રસન્ન હોવા જોઇએ, આનંદમાં હોવા જોઇએ. પણ યુધિષ્ઠિરના મનની સ્થિતિ કંઇક જુદી જ છે. તેઓ કંઇક છળકપટ જોઇ ચૂક્યા છે. કંઇક છળકપટ એમને આચરવાં પણ પડયાં છે. તેમણે મહાસંહાર નિહાળ્યો છે. જેમને વત્સલભાવે રમાડયા હતા, જેમનાં લાલનપાલન કર્યાં હતાં તેવા કેટલાય યુવાન લાડકવાયાઓને તેમણે હણાતા જોયા છે. બંને પક્ષે બધા પોતાના જ કુટુંબ અને કુળના હતા. પોતાના સમવયસ્કો, સગાંસંબંધી અને જોયેલા–જાણેલાઓને વીરગતિ પામી સંચરતા જોવાની યાતના તેમણે સહી છે. વિજયનો સ્વાદ ખારો થઇ ગયો છે. ઘેરા શોકથી હૃદય ભરાઇ ગયું છે.

વરસોથી કૌરવો સાથે અથડામણો થતી રહી, અપમાનો સહ્યાં, દુ:ખ વહોર્યાં. અંતે સર્વનો ઉકેલ લાવનારું મહાયુદ્ધ થયું. યુદ્ધ સાથે જાણે જીવનકાર્ય પૂરું થયું. જીવનનો કોઇ હેતુ ન રહ્યો. કોઇ કામ ન રહ્યું. જીવનમાંથી પ્રયોજન ચાલી જાય ત્યારે ગ્લાનિ ઘેરી વળે છે. બધું નિરર્થક લાગે છે. મન ખાલી ખાલી લાગે છે. ઉત્સાહ વધતો નથી. કશું ગમતું નથી. ક્યાંય ગોઠતું નથી.

સંહારને અંતે શોક છે. સંસારને અંતે બધું શૂન્ય છે. સામાન્ય સંસારીની જેમ યુધિષ્ઠિર શોક અને ખાલીપામાં ડૂબેલા છે. જીવન-સંધ્યાના આછા અજવાળા–અંધારામાં ઘેરાયેલા છે. કૃષ્ણ સિવાય બીજું કોણ ઉગારે?

કૃષ્ણ યુધિષ્ઠિરને સલાહ આપે છે : 'ભીષ્મ પિતામહ પાસે જ્ઞાનોપદેશ માટે જાઓ. ઉત્તરાયણની રાહ જોઇ પિતામહ શર-શય્યા પર સૂતેલા છે. ઉત્તરાયણ પછી દેહથી મુક્ત થઇ વિદાય



લેશે. તેમની સાથે તેમનું બધું જ્ઞાન પણ જશે. તે પહેલાં તેમની પાસેથી બોધ મેળવી લો.'

ભીષ્મ પિતામહ સામાન્ય કોટિના સંસારી નથી. તેમ હોત તો તેમની મનઃસ્થિતિ યુધિષ્ઠિર જેવી જ હોત. યુધિષ્ઠિર કરતાંય લાંબી અને વિકટ સંસારયાત્રા અને યાતનામાંથી તે પસાર થયેલા છે. મૃત્યુને ભેટવા તૈયાર થઇ બેઠા છે. બાણશય્યા પર સૂતાં સૂતાં ઉત્તરાયણની રાહ જોઇ રહ્યા છે. આખો દેહ વીંધાઇને પડયો છે. આખો એક યુગ આંખો સામેથી આથમી ગયો છે. પણ એ નથી શૂન્ય કે નથી શોકાર્ત. ભગવન્નામસ્મરણથી મનોવ્યથા અને શરીરપીડા સહ્ય બનાવી શકાય છે તે તેમણે આચરી બતાવ્યું છે. આવી અસામાન્ય વિભૂતિ પાસેથી જ્ઞાનોપદેશ લેવાનું કૃષ્ણ યુધિષ્ઠિરને સૂચવે છે.

ઈશ્વરની યોજના પ્રમાણે ભીષ્મ પિતામહે કૌરવો સાથે રહીને પોતાનો ધર્મ બજાવ્યો છે. કબૂલાતના નમ્રભાવે તેમણે પોતે જ પોતા વિશે અર્ધવ્યંગમાં કહ્યું છે : "પુરુષ અર્થનો દાસ છે. કૌરવોએ મને અર્થથી બાંધી લીધો છે. હું અર્થથી હરાયેલો છું." ભીષ્મ પિતામહની આ વાણી અર્ધસત્ય છે. આવી ઉચ્ચકોટિની વિભૂતિ અર્થથી બંધાઇને રહે તે વાત માનવામાં આવે એવી નથી.

ખરેખર તો ભીષ્મ પિતામહે કૌરવો સાથે રહેવું તેવી ઈશ્વરની યોજના છે. પાંડવો પર પિતામહની અપાર પ્રીતિ છે. કૃષ્ણ પ્રત્યે તેમની અતીવ ભક્તિ છે. આ બધું હોવા છતાં, ગેરસમજ, ટીકા અને ઉપાલંભોનો ભોગ બનીને પણ પિતામહ કૌરવપક્ષે રહ્યા. તેમાં તેઓ ઈશ્વરની યોજનાને વશ વર્ત્યા છે. તેમ કરીને તેમણે ધર્મ બજાવ્યો છે. તેઓ કૌરવો સાથે ન હોત તો કૌરવોને નિયંત્રણમાં રાખવાનું અશક્ય બની જાત. પાંડવોને વિજય

અપાવવાનું પણ મુશ્કેલ બનત. પોતાની જાતનો ભોગ આપી ધર્મ બજાવનાર મહામાનવનું ચરિત્ર ભીષ્મ પિતામહને ભાગે ભજવવાનું આવ્યું. તે તેમણે બરાબર ભજવી બતાવ્યું. આવા મહામાનવ પાસે યુધિષ્ઠિરને કૃષ્ણ મોકલે છે.

ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને ધર્મનો વિસ્તૃત અને વિગતવાર ઉપદેશ આપે છે. છતાં યુધિષ્ઠિરને સંતોષ થતો નથી. મૂંઝવણ દૂર થતી નથી. મોક્ષ અને મુક્તિ માટેની ઝંખના બાકી રહે છે. યુધિષ્ઠિર આખરે છ પ્રશ્નો પૂછે છે. એ પ્રશ્નોના શિરમોર સમો છેલ્લો પ્રશ્ન છે :

"શાનું રટણ કરવાથી માનવ–જીવ જન્મ–પુનર્જન્મના સંસાર–બંધનમાંથી છૂટે?"

આ પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ પિતામહ વિષ્ણુસહસ્રનામનું સ્તોત્ર આપે છે. સહસ્રનામના જપથી તરી જવાય છે. એ તરાપા પર બેસી ભવસાગર પાર કરી શકાય છે.

સંસારના ઓવારે બેઠેલા યુધિષ્ઠિર જેવા જિજ્ઞાસુ અને સંસારને પાર કરી બેઠેલા ભીષ્મ પિતામહ જેવા દોરવણી આપનાર આ બંનેના સંવાદમાંથી આપણને વિષ્ણુસહસ્રનામનું તત્ત્વબોધી સાધન મળ્યું છે.

### રૂપ અને નામ

આમ જોવા જઇએ તો પરમતત્ત્વનું નથી કોઇ નામ કે નથી કોઇ રૂપ. પણ સામાન્ય માણસ માટે જગત રૂપમય છે, નામમય છે. રૂપ અને નામના આધાર વગર માનવી કશાની ઓળખ પામી શકતો નથી, કશાની જાણકારી રાખી શકતો નથી. સમજણ–વિકાસના તબક્કાઓ હોય છે. બાળક પહેલાં સ્પર્શથી ઇન્દ્રિયબોધ



મેળવે છે. તે પછી તે આકાર, કદ, રંગ, જુએ છે. રૂપ ગ્રહે છે. તે રીતે પદાર્થને ઓળખે છે. પછી પદાર્થને નામથી જાણે છે. બાળક નામથી બધું ઓળખતો, જાણતો અને યાદ રાખતો થાય છે તે પછી તેનામાં વિચાર, મનન, ચિંતન વિકસે છે. ધ્યાન અને સમાધિની કક્ષા આગળની વાત છે.

પરમતત્ત્વને ઓળખવા, જાણવા, સમજવા અને પામવામાં માણસની ગતિ પણ આવી જ છે :

प्रथमा प्रतिमापूजा जपस्तोत्राणि मध्यमा ।
उत्तमा मानसी पूजा सोऽहम् पूजोत्तमोत्तमा ॥

પહેલાં માણસ ઈશ્વરને મૂર્તિરૂપે ઓળખી–જાણી શકે છે. તેથી કહ્યું 'प्रथमा प्रतिमा पूजा.' પછી આવે ઈશ્વરનું નામ–સ્મરણ, જપ–પારાયણ, ભજન–કીર્તન. તેથી કહ્યું 'जपस्तोत्राणि मध्यमा.' તે પછી માણસ કરી શકે છે ઈશ્વરનું મનન–ચિંતન. એટલે કહ્યું 'उत्तमा मानसी-पूजा.' છેલ્લે ધ્યાન–સમાધિમાં વ્યક્તિ અને ઈશ્વરનો ભેદ રહેતો નથી. બંને એક થઇ જાય છે. 'હું તે જ છું' એવી પ્રતીતિ એટલે સર્વોત્તમ પૂજા : 'सोऽहम् पूजोत्तमा.'

પ્રથમા, મધ્યમા, ઉત્તમા અને સર્વોત્તમા પૂજાના વિવિધ તબક્કાની આ વિભાવના, સંભવ છે કે, એવો ખ્યાલ ઊભો કરે કે માણસે મૂર્તિપૂજાના તળિયેથી ધ્યાન–સમાધિના ઊંચા શિખરે પહોંચવાનું છે. આવું સાધારણીકરણ પૂર્ણપણે સાચું નથી. કોઇક સાધક માટે તે ખરું હોઇ શકે. સાધક તબક્કાવાર આગળ વધી ધ્યાન–સમાધિના પૂર્ણ યોગને પ્રાપ્ત કરી શકે. પણ પ્રત્યેક માણસ માટે આ જ માર્ગ નિરધાર્યો છે તેવું નથી. પ્રકૃતિ પ્રમાણે વ્યક્તિનો વિકસવાનો માર્ગ જુદો હોઇ શકે.

માણસોની કક્ષામાં ભેદ રહેલો છે. દરેક માણસ પોતાની પ્રકૃતિ અને પોતાના સ્તર પ્રમાણેની પૂજાસાધનાથી મોક્ષ કે મુક્તિ મેળવી શકે છે. પ્રેમપૂર્વક મૂર્તિને વળગી રહેલો ભક્ત મૂર્તિપૂજાથી પણ પરમતત્ત્વમય બની શકે છે. તે જ રીતે ભક્તિભાવથી નામ-સ્મરણ કરનાર, સહસ્રનામનો જાપ કરનાર પણ પૂર્ણત્વ પામી શકે છે. આ દૃષ્ટિએ વિષ્ણુસહસ્રનામની મહત્તા છે.

વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે સતયુગમાં જે ધ્યાનથી પ્રાપ્ત થાય છે; ત્રેતાયુગમાં જે યજ્ઞ–યાગથી સિદ્ધ થાય છે; દ્વાપરયુગમાં જે પૂજનથી મળે છે તે કલિયુગમાં કેશવના નામ–રટણથી મેળવી શકાય છે.

ચાર યુગોને માત્ર ભૌતિક સામયિક ક્રમના અર્થમાં સમજવા-ના નથી. પહેલાં એક યુગ, પછી બીજો, તે પછી ત્રીજો યુગ એવો સમયક્રમ પ્રમાણેનો એક અર્થ છે. તે સિવાય એક બીજો વિશેષ અર્થ પણ છે. તે અર્થ માણસના ચૈતન્યના સ્તર સાથે સંકળાયેલો છે. જુદા જુદા માણસોના ચૈતન્યસ્તરમાં તફાવત છે. માણસના ચૈતન્યનો સ્તર સતયુગનો હોય, કળિયુગનો હોય તેવા ભેદ પણ કરી શકાય.

એક યુગની ચેતના અમુક કક્ષાની હોય. બીજા યુગની ચેતનાની કક્ષા જુદી કક્ષાની હોઇ શકે. એ જ રીતે એક વ્યક્તિમાં ચૈતન્ય ઊંચી કક્ષાએ હોય, બીજી વ્યક્તિમાં તે કંઇક ઊતરતી કક્ષાએ હોય. પણ પરમતત્ત્વને પામી મુક્તિ મેળવવાનો માર્ગ માત્ર ઊંચી કક્ષાવાળાનો અધિકાર નથી. ઈશ્વરના રાજમાં આવા કોઇ અધિકારભેદ નથી. મુક્તિનો રસ્તો દરેક માટે તેની કક્ષા પ્રમાણે ખુલ્લો છે.



કોઇ પણ પ્રજામાં જ્ઞાનીઓ–સંન્યાસીઓ હંમેશાં ઓછા હોવાના. પ્રજાનો મોટો ભાગ મધ્યમ કક્ષાનો રહેવાનો. વિરલ એવા સંન્યાસી, જ્ઞાની, યોગી માટે મનન–ચિંતન–ધ્યાન–સમાધિનો માર્ગ અનુકૂળ છે. પણ સંસારી જન માટે રટણ, નામસ્મરણ ને જપ–પારા-યણનો માર્ગ વધુ ફાવટવાળો છે. તેમના માટે તે રસ્તો સરળ અને સહજ છે. (ક્રમશઃ)

(વિષ્ણુસહસ્રનામમાંથી)

### સુવાક્ય

સંસારમાં એવી જાતના માણસો પણ જોવા મળે છે કે જીવન રૂઢ ને રોજિંદા ચક્રમાં જ જીવે છે. તેમાંથી બહાર નીકળી કોઇ નવું કે વધારે સારું જીવન જીવવાની તેમને ઇચ્છા જ થતી નથી. આ કેવી કરુણતા!

યોગેશ્વરજી

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## * મન થયું. *

મૌનના સરવરમહીં, ધ્યાનસ્થ થઇ બેઠા ત્યહીં;
શબ્દ કેરો કાંકરો, આ નાંખવાનું મન થયું.
કોઇ ના છોને કુશળ, અસ્તિત્વ વિણ અહીં આપના;
તોય અહીંના સૌકુશળ, બસ આપવાનું મન થયું.

આગમનની શક્યતા, છો પર્ણ પર ઝાકળ રહી;
તોય, એની એક પળને માણવાનું મન થયું.

બારસાખોને સજાવી, આશના પાલવ લઇ;
બોર જે ચૂંટયા નથી, એંઠા કર્યાનું મન થયું.

સુસ્મિત વદન, દૈવી તનુ, અમૃત ભરેલાં એ નયન;
આજ ખુલ્લી આંખથી, એ તાકવાનું મન થયું.

મૌનથી ભીડાયેલ, બે હોઠની વચ્ચે ઊગી;
શબ્દ જે ફૂટયાં નથી, તે ધારવાનું મન થયું.

સૂનાં હૃદય પર ઉષ્ણ શ્વાસોની સીતારીને લઇ;
આજ કેવળ નામ 'મા'નું ઘૂંટવાનું મન થયું.

ધ્યાન છોડી, મૌન તોડી, કાળની સીમા ત્યજી;
શું કદીયે આપને અહીં આવવાનું મન થયું?

— દક્ષેશ કોન્ટ્રાક્ટર (ચાતક)



## * નિયતિ *

તમે કરો ઉકળાટ વ્યર્થ ના,
ફેર કશોયે પડવાનો,
નિયતિ—આંકી કેડી ઉપર,
રથ આ જગનો ચલવાનો… તમે૦
અનન્ત બ્રહ્માંડો અવકાશે,
એમાં બિન્દુ સમી અવનિ!
ન—ગણ્ય તારું સ્થાન નિરંતર,
ચિંતા કરતો પરભવની!… તમે૦
કર્મની પાંખ બને જો બેડી,
એ પણ કર્મ—વિપાક લહો,
શિવ ઇચ્છા અનુસાર સહો… તમે૦
કારણ—કાર્યની અતૂટ શૃંખલાઃ
મેખ ન મારી કોઇ શકે,
સુર અસુર અપવાદ કશે નાઃ
મર, રાવણ શા વ્યર્થ બકે… તમે૦
અવનિ—નભમંડળ અતલાન્તિક,
સંવાદે યાત્રા ખેડે,
અગમ અગોચર પથપર શક્તિ,
કો'ક અનામી ગમ તેડે… તમે૦
નિયતિ—આંકી કેડી ઉપર,
રથ આ જગનો ચલવાનો,
તમે કરો ઉકળાટ વ્યર્થ ના,
ફેર કશોયે પડવાનો… તમે૦

— ડો. રણજિત પટેલ (અનામી)

## * થાય બેડો પાર *

(ગાન)

શ્રદ્ધા પ્રભુમાં હોય ને કર્તવ્યમાં નિષ્ઠા જ હો,
જિંદગી જીવી જવામાં થાય બેડો પાર તો.

હોય જરૂરત અલ્પ ને ઉર અમીરી હોય જો,
જિંદગી જીવી જવામાં થાય બેડો પાર તો.

પ્રેમ પારાવાર હો ને આદમીયત ભરપૂર હો,
જિંદગી જીવી જવામાં થાય બેડો પાર તો.

સંતમાં આસ્થા અને હો ઈશ્વરી શરણાગતિ,
નિષ્કામ ઈષ્ટ હોય જો થાય બેડો પાર તો.

હામ હૈયામાં ઘણી–યોગેશ્વરે વિશ્વાસ જો,
સાત્ત્વિકીદૃષ્ટિ કરી જો થાય બેડો પાર તો.

આંખમાં અમૃત ને મધુરતા જો વાણીમાં,
નામજપ હરિનું સદા હો થાય બેડો પાર તો.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



# યાત્રા–પરમ સમીપે–(૪)

સુરેશ શાહ, કેનેડા

**તા. ૨૮, એપ્રિલ–૧૯૯૭, સોમવાર.**

આજે સવારે નિયમિત સત્સંગની બેઠક થાય છે. પૂ. શ્રી અને પૂ. માની બાવની સાથે જય જયગુરુદેવની શક્તિ, વંદુ પુનિત પ્રભાતે પ્રાતઃકાળની પ્રાર્થના થાય છે. પૂ. મા પોતાના નિત્યક્રમમાંથી પરવારીને શ્રી ગોવિંદભાઇ અને રંજનબેન સાથે મોટરમાં બેસી જાય છે. આજે પણ ભક્તસમાજ તરફથી સવારે ૯–૩૦ થી ૧૧–૩૦ પૂ. માનો કાર્યક્રમ રાખેલો છે. સૌ સૌના વાહનોમાં બેસી જાય છે. વીનફીલ્ડ કે જ્યાં અમને સૌને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યાંથી કાર્યક્રમનું સ્થળ વીચીટા (Wichita) એક કલાકના અંતરે દૂર છે. પૂ. મા સમયપાલનનાં ખૂબ જ આગ્રહી છે. બરાબર ૯–૩૦ વાગે હોલ ઉપર પહોંચી જવાય છે.

કુમારીકાઓ કળશ સાથે હોલના પ્રવેશદ્વારે પૂ. માનું અભિવાદન કરે છે. "પધારો મનગમતા મહેમાન"ના મધુર શબ્દો અને સુમધુર મનના ભાવોથી સ્વાગત ગીત ગવાય છે. પૂ. મા વ્યાસપીઠ ઉપર વિરાજમાન થાય ત્યાંસુધી સ્વાગતગીત પૂરું થાય છે. સૌમ્ય, શાંત, આત્માનંદમાં મગ્ન પૂ. મા વ્યાસપીઠ પર બેસી સૌનું પ્રણામ કરી અભિવાદન સ્વીકારે છે. પૂ. માનું પુષ્પહારથી યજમાન પરિવાર સ્વાગત કરે છે. ભક્ત સમાજના પ્રતિનિધિ શ્રી ઈશ્વરભાઇ પણ પુષ્પહારથી પૂ. માને સત્કારે છે.

શ્રી પરમાર્થી આજે પૂ. માના દર્શનનો લાભ સૌને બીજા

દિવસે મળે છે. તેમને સદ્‌ભાગી જણાવે છે. અવનીના અમૃત સમા પૂ. માના સાન્નિધ્યને અને જગકલ્યાણ માટે વિચરતાં પૂ. માની સાધનાનો અને મૌનવ્રત તથા અંતવિનાના અને આંતરે દિવસે કરાતા જળવિનાના ઉપવાસોનો ગર્ભિત અર્થ સૌને સ-વિસ્તાર જણાવે છે.

પૂ. યોગેશ્વરના ભજન "છે સારથિપદ સોંપ્યું તમને પછી ચિંતા થાય જરાય નહીં." તેનું વિશ્લેષણ કરતાં જણાવે છે કે, પૂ. માએ બુદ્ધિને સારથી બનાવી છે, ઇંદ્રિયોના અશ્વોને મનની લગામથી નાથ્યા છે. શરીરને રથ બનાવ્યો છે અને આત્માને રથી બનાવ્યો છે. માટે જ હવે સર્વસમર્પણનો આસ્વાદ પૂ. મા માણી રહ્યાં છે.

ગુરુ વિના જ્ઞાન ક્યાંથી મળે, સ્મરણમાત્રથી આત્માનંદ પ્રાપ્ત થાય તેવા ઉદ્‌ગારો સાથે મેમ્ફીસનાં ગુલાબબેન પૂ. માને પોતાના ભાવોથી પૂ. માના આધ્યાત્મિક જીવનને નવાજે છે.

ફોર્ટસ્મીથનાં રંજનબેન, "આજ મારે આંગણે હો, ઉત્સવ અપાર છે." ભજનના ભાવવાહી સ્વરોથી હોલને ભરી દે છે. કલમ ચલાવતાં મનમાં થાય છે કે દેવાલયો, તીર્થો, સરિતાઓ પોતાના સ્થાનોમાં જે તે સ્થાન માટે જ મર્યાદિત કૃપા વરસાવે છે, પરંતુ મા અમર્યાદિત કૃપા વરસાવતાં સર્વસ્થળે કષ્ટ વેઠીને દોડી જાય છે. દર્શન, સ્પર્શન અને દૃષ્ટિપાતથી જીવોનું પૃથ્વી પર કલ્યાણ કરે છે. આત્મદર્શીય પૂ. માને મનોમન વંદન હો.

વીચીટાના સ્થાનિક કાર્યકર્તા શ્રી અમૃતભાઇ પૂ. માના જીવનનું દર્શન પામી જણાવે છે કે પૂ. મા પુષ્પ આપે છે જે જીવનમાં કોમળતા અને પવિત્રતા અપનાવવાનું સૂચન કરે છે. પૂ.



મા પ્રસાદમાં મીઠાઇ આપે છે જે વાણીમાં મધુરતા મેળવવાનું સૂચન કરે છે. પરસ્પરનો વ્યવહાર સુમધુર બનાવવાની શીખ આપે છે, ચીલાચાલુ ભક્તિ કરતાં પૂ. માની અંતર્મુખ બનેલી ભક્તિ અને આત્મસમર્પણ ઉચ્ચોચ્ચ ભક્તિનું સ્વરૂપ છે તેમ સૌને સમજાવે છે. પૂ. માના દર્શન અને પૂ. માના જીવનને અવલોક-વાથી હૈયામાં ઊભરાતા હેતનો પડઘો તેમની વાણીમાં વર્તાય છે.

શ્રી પરમાર્થી જણાવે છે કે, જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ બની જાય છે. સરોજબેનમાંથી, મા સર્વેશ્વરી કરનાર પૂ. યોગેશ્વરજીને પૂ. માએ પોતાનું સર્વસમર્પણ કરી દીધું છે, કારણ ગુરુ જ સર્જન કરે છે, માટે ગુરુ બ્રહ્મા છે.

કબીર સાહેબની સાખી ગાતાં જણાવે છે કે–

"કામી ક્રોધી લાલચી, ઇનસે ભક્તિ ન હોય,
ભક્તિ કરે કોઇ વિરલા, જાતિ, બચી ન હોય."

કાર્યક્રમ દરમ્યાન થયેલા વાર્તાલાપનું તથા જુદા જુદા વક્તવ્યોનું અને ભજનના ભાવોનું અંગ્રેજીમાં વિહંગાવલોકન સુરેશભાઇ શાહ કરે છે. પૂ. મા બાળકોને પ્રેમ કરે છે. વડીલોને વંદન કરે છે. સતત નામસ્મરણ કરે છે અને પોતાના સદ્‌ગુરુ પૂ. શ્રીને અંતરમાં ધારીને સર્વસ્થળે વિચરે છે તેનો માર્મિક અર્થ પણ તેઓ સૌને સમજાવે છે.

શ્રી રમેશભાઇ ભક્ત આભાર દર્શન કરે છે. પૂ. મા મૌન હોવાથી લેખિત સંદેશો આપે છે. સૌની સેવાભાવનાથી સભર પ્રવૃત્તિની પ્રશંસા કરે છે.

સાંજના ૫–૨૦ Shawneeમાં યજમાનના પ્રાંગણમાં સૌ આવી પહોંચે છે. કળશ અને સ્વાગતગીત સાથે પૂ. માનું

પરિવારના સૌ સભ્યો સ્વાગત કરે છે. યજમાન શ્રીમતી શારદાબેન પૂ. માને તિલક અને પુષ્પમાળાથી સત્કારે છે. માથે મુગુટ પહેરાવે છે અને બંને પુત્રવધૂ પૂ. માના બંને બાહુમાં પુષ્પના બાહુબંધ બાંધે છે. હીંચકે બેઠેલાં પૂ. માને હીંચકો નાંખે છે અને આરતીથી મનના ભાવોને પ્રદર્શિત કરે છે.

ભાવવિભોર પરિવાર પૂ. માને હીંચકે ઝૂલાવવા માંગે છે. પૂ. મા આનંદમાં મગ્ન બને છે. મા જગદંબાને જાણે હીંચકે રમાડતાં હોય તેવા ભાવો સ્પષ્ટ જણાય છે. આરતીનું દૃશ્ય અને મુગુટથી મઢેલાં પૂ. માનું દર્શન અલૌકિક છે.

પૂ. મા વ્યાસપીઠના હીંચકા પર વિરાજે છે. અને હવે સત્સંગની સભા શરૂ થાય છે.

**તા. ૨૯, એપ્રિલ–૧૯૯૭, મંગળવાર. Shawnee.**

પૂ. મા સાથેની આ મંગલયાત્રામાં દરરોજ દિવસમાં ત્રણથી ચાર સત્સંગસભા યોજાય છે.

પ્રથમ બેઠક–સવારે ૮–૩૦ થી ૯–૦૦.

શ્રી પરમાર્થીની દરેક બેઠકમાં ગવાતી સાખી જાણે કે દરેક બેઠકનો પ્રાણ બની ગઇ છે.

"ઘર જારે ઘર ઉબરે, ઘર રાખે ઘર જાય,
એક અચંબા દેખીયા, મૂઆ કાલકો ખાય."

અર્થાત્ જે ઘરનું મમત્વ રાખે છે, સ્વાર્થ રાખી દુનિયામાં જીવે છે તેનું ઘર જાય છે એટલે કે સંસારમાં સામાન્ય માનવના જેમ જીવે છે અને મૃત્યુ પામે છે પણ જે જીવ પોતાના ઘરની મમતા અને ઘર અંગેની બધી જ મમતાઓ જ્ઞાનાગ્નિમાં બાળે છે તે પોતાના આત્મારૂપી ઘરને બનાવે છે, કલ્યાણ પામે છે અને



આવા જીવો જ સંસારમાં અમર બની જાય છે. સંસાર–સાગરને તરી જાય છે. પણ કબીર સાહેબ જણાવે છે કે અચંબાની વાત એ છે કે જે મૂર્ખ છે તેના અવિનાશી આત્માને કાળ ખાઇ જાય છે. માટે પ્રત્યેક જીવે સંસારમાં આત્મદર્શનની ખોજમાં લાગી જવું જોઇએ.

નિવાસસ્થાનેથી ઓકલાહોમાં ટેમ્પલમાં લગભગ ૪૦ માઇલ દૂર પૂ. માના પૂજનનો કાર્યક્રમ યજમાન તરફથી યોજવામાં આવ્યો છે. એક કલાકના પ્રવાસ પછી ત્યાં બરોબર ૧૦–૧૦ વાગે પહોંચાય છે. સૂર્ય ભગવાન પૂર્વમાં પ્રકાશી રહ્યા છે. લગભગ ૭૦° ફે. ઉષ્ણતામાન છે અને રવિકિરણોની સાક્ષીમાં મંદિરના પૂજારી પીળું પિતાંબર અને લાલ શાલ ઓઢીને મંદિરના પ્રાંગણમાં જ પૂ. માનું સસ્મિત, પ્રણામથી રેડકારપેટ ઉપર સ્વાગત કરે છે. અને પૂ. માને મંદિરના ગર્ભાદ્વાર સુધી દોરી જાય છે. દક્ષિણ ભારતના આ પૂજારી મધુર કંઠે વેદની ઋચાઓ, શ્લોકો અને મંત્રોચ્ચારથી પૂ. માનું અભિવાદન કરે છે. ચાંદીનો કળશ માથે મૂકી, આરતીથી પૂ. માનું સ્વાગત કરે છે. જોનારાઓ ભાવવિભોર બને છે. મંદિરમાં પ્રતિષ્ઠિત દેવ, દેવીઓનું પૂ. મા પ્રણામ કરી, આસન ઉપર સ્થાન ગ્રહણ કરે છે.

પૂ. માની આજ્ઞાથી, પૂજારી અંગ્રેજી જ જાણતા હોવાથી, સુ. શાહ અંગ્રેજીમાં, પૂ. શ્રીનું વૃત્તાંત, પૂ. માની સાધનાની માહિતી, પૂ. માના વ્રત ઉપવાસોની સમજ અને પૂ. શ્રીના પૂ. માને પૃથ્વી પર પ્રકટાવવાની વાત તથા મંદિરના પવિત્ર વાતાવરણની પૂજારીશ્રીના મનના ભાવોની તેમ જ શાસ્ત્રોક્ત વિધિથી કરેલી પૂ. માની પૂજાનો સવિસ્તર ખ્યાલ પૂજારીને આપે છે. મંદિરની સ્વચ્છતા અને મૂર્તિઓના શણગારનો પણ સમાવેશ વક્તવ્યમાં થાય છે.

અંતમાં પૂજારી પૂ. માના મૌનનો અર્થ સમજાવતાં કહે છે કે ભારતમાં ઘણા પ્રાંતો છે. સૌની ભાષા જુદી છે, પણ પરમાત્માની ભાષા એક જ છે અને તે મૌન છે. પૂ. મા પણ મૌન ધરાવે છે. પૃથ્વી ઉપર વિચરતી આ દેવીના દર્શન અને પૂજનથી હું ધન્યતા અનુભવું છું. સૌ પ્રસાદ લઇ છૂટા પડે છે. પૂ. માને પૂજારી મંદિરના પ્રાંગણસુધી વળાવવા આવે છે.

સંસ્કૃતના શુદ્ધ ઉચ્ચારો, પૂજારીનો પહેરવેશ, મંદિરમાં થતો ઘંટનાદ અને મનના વિશુદ્ધ ભાવોથી ઉતારેલી આરતી, થોડીક ક્ષણો માટે ભારતની યાદ અપાવી જાય છે. પૂજારીની પૂ. માને સમજવાની સમજ માટે માનની લાગણી ઉત્પન્ન કરી જાય છે. પૂ. મા પૂજારીને દક્ષિણા આપી નવાજે છે. સંતના આદર્શ વ્યવહારનું આ સૂચન છે.

યજમાનના આગ્રહથી સૌ ઓકલાહોમા સીટીના ડાઉન-ટાઉનમાં બોમ્બથી વિનાશ પામેલા બહુમાળી મકાનના સ્થળની મુલાકાત લે છે. એપ્રિલ–૧૯/'૯૫ ના ગોઝારા દિવસે નવમાળના ફેડરલ ગવર્મેન્ટના આ મકાનને બૉંબથી ઉડાવી દેવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. "We will never forget this"—એવાં સૂત્રો પણ ઠેર ઠેર સ્થળ ઉપર અંકિત થયેલાં છે. માનવે સર્જેલી હોનારત અનુકંપા સર્જે છે.

ઘેર આવતાં પૂજારીશ્રીના શબ્દો ઉરમાં ઉતારતા થાય છે કે આ કોઇ સામાન્ય પૂજારી નથી કારણ તેઓ જણાવતા હતા કે,

* મૌન મુનિઓ પાસેથી મળેલી મહાભાષા છે.
* માયાને દૂર કરવા જ પૂ. મા પધાર્યા છે.
* શરીરથી આત્મા જોવાતો નથી.



* આત્માને ઓળખવા શ્રદ્ધા જોઇએ.
* બુદ્ધિના ઉપયોગથી ધર્મનું રક્ષણ થઇ શકે નહીં.
* ધર્મના રક્ષણ માટે શ્રદ્ધા અને ભક્તિ જોઇએ.

સાંજની બેઠકમાં પૂ. મા પધારે છે.

સ્લેટ ઉપર સૌને લખીને જણાવે છે કે તા. ૨૭–૪–૯૭ ના રોજ પૂ. માને વિષ્ણુભગવાનની ઝાંખી થાય છે અને નૃત્યનું દર્શન થાય છે. શ્રી પરમાર્થી અર્થ સમજાવતાં જણાવે છે કે, સાત્ત્વિકભાવે પૂ. માને જે સર્જનાત્મક શક્તિ અને ગતિશીલતા ધારણ કરે છે તે ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે. પૂ. મા જણાવે છે કે સ્વરૂપમાં યૌવન હતું, આકર્ષણ હતું, સુંદર હતું અને અત્યંત આનંદદાયક તે દર્શન હતું.

અનેક આધ્યાત્મિક અનુભૂતિઓ પામેલા અંતરના આત્મને ઓળખી અવતાર પામેલાં પૂ. માના શ્રી ચરણઓમાં કોટિવંદન કર્યા સિવાય કેમ રહેવાય?

"વંદન કરું પ્રભુચરણોમાં આજે કોટિ પ્રણામ કરું પ્રેમે રે." સૂતા સમયની પ્રાર્થના સાથે આજની યાત્રા પૂર્ણ થાય છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

**સુધારો**

ઓગસ્ટ '૯૭ ના અધ્યાત્મના અંકમાં ટાઇટલ પેજ નં. ૪ ઉપર મથાળે ભૂલથી "આસક્તિ" છપાયું છે. તેને સ્થાને "અનાસક્તિ" વાંચવા વિનંતી છે. ભૂલ બદલ ક્ષમા યાચવામાં આવે છે.

— તંત્રી

# શાન્તિ આપે તેને સંત કહીએ

નારાયણ હ. જાની

તમે કોઇ હિલ સ્ટેશન–મસૂરી મહાબળેશ્વર કે ઉટિ પર જાઓ તો ત્યાં શીતળતાનો–ઠંડકનો અનુભવ સહજ રીતે થવાનો. અને જો કદી હિમાલયના અંદરના ધામોમાં જાઓ તો બસ. શીતળતા જ શીતળતા. પરંતુ આ શીતળતા–વાતાવરણની. તે તનને ઠંડક આપી શકે પણ મનને શીતળ શી રીતે કરી શકે! તે કામ તો સાચા સંતનું. એની પાસે જીવનમાં કદી જવાનું બને તો તમારું તન પણ શાન્ત થઇ જાય, મન પણ શાન્ત થઇ જાય. જાણે ઉત્તુંગ હિમગિરિની શીતલતાનું સાકાર સ્વરૂપ એટલે સંત. એથી જ ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ એક ગીતામાં ગાયું છે કે, "શાન્તિ આપે તેને સંત કહીએ રે ભાઇ, શાન્તિ આપે તેને સંત કહીએ."

આજના યુગનું પ્રધાન લક્ષણ શું એમ જો કોઇ અમને પૂછે તો અમે તુરત જ કહીશું–તનાવ. માનસિક તનાવ. Mental Tension and stress. આવા યુગમાં જ આવા તનાવોને દૂર કરવાનો સીધો સાદો રાહ બતાવવા માટે પ્રભુ સંતોને મોકલે છે. પરંતુ તેનો લાભ તો તે જ લઇ શકે જેને તેની ઉણપ સાલતી હોય. જેને શાંતિની ભૂખ હોય. ભૂખ્યો જ ભોજનને શોધવાનોને! તેવા ત્રિવિધ તાપથી તપેલા ને મનની શાન્તિ ઝંખતા માનવો માટે સંતો શાન્તિની પરબ બની જાય છે. તેમની છાયામાં માણસના ત્રિવિધ તાપ તો શમી જાય. સાથે સાથે ખોટી ભ્રાન્તિઓના ભ્રમ પણ ભાંગી જાય. સાચા જીવનનો રાહ મળી જાય જે જિજ્ઞાસુને



મુક્તિની મંઝીલે પહોંચાડી દે. પણ પહોંચવું કોને છે! એ જ મુખ્ય વાત છે. એવી પહોંચવાની સાચી ઝંખના ધરાવનાર કેટલા!

પ. પૂ. યોગેશ્વરજી આવા જ એક સાચા આત્મિક શાન્તિથી સંપન્ન સંત. તેમની પાસે એક દિવસ એક ભાઇએ આવીને કહ્યું, "મહાત્માજી, કોઇ સરસ ચમત્કાર બતાવો."

"ચમત્કાર!" મહાત્માજીએ સામો પ્રશ્ન કરતાં પૂછ્યું અને પછી ઉમેર્યું, "ચમત્કાર તો સતત થઇ રહ્યો છે, પણ જેની પાસે એ સમજવાની કે જોવાની દૃષ્ટિ હોય, તેને જ તે દેખાય." "મહાત્માજી શું કહો છો! ચમત્કાર થઇ રહ્યો છે ને મને તે દેખાતો નથી! મને કંઇ સમજાતું નથી. આપ કૃપા કરી સમજાવો." તે ભાઇએ વિનંતિ કરી.

મહાત્માજીએ શાન્તિથી કહ્યું, "તમે તમારી આજુબાજુ શું જુઓ છો! માણસો સતત દોડતા જ રહે છે. કોઇ ધન પાછળ, કોઇ પદ પાછળ, કોઇ પ્રતિષ્ઠા પાછળ તો વળી કોઇ પત્ની કે પુત્ર પાછળ–આમ કોઇને કોઇની પાછળ માણસોની દોટ ચારે બાજુ ચાલ્યાં જ કરે છે. તમને શું એ દેખાય છે?"

તેમણે હકારમાં માથુ હલાવતાં કહ્યું, "એવું લાગે છે તો ખરું!"

"અરે, લાગે છે શું! છે જ. તેવા ભૌતિક વસ્તુઓ પાછળ સતત દોડતા રહેતા સમુદાય વચ્ચે અમે કેવી શાન્તિથી બેઠા છીએ! અમારે ક્યાંય દોડવાનું નથી. ટાઢાટમ થઇ બેઠા છીએ, એ શું ઓછો ચમત્કાર છે! અમારે કશું જ જોઇતું નથી. પ્રભુકૃપાએ જે જોઇતું તે બધું મળી ગયું છે. હવે અમે ધરાઇને બેઠા છીએ. એટલે જ લખ્યું છે કે–"માન અને કીર્તિની ભૂખ ના મારે, બેઠો

ધરાઈને શું માગું?–કહે તારી પાસે તે શું માગું!" આવી આંતરિક તૃપ્તિ તો તે જ અનુભવી શકે જે કંઇ પામ્યા છે. પ્રભુની પાસે પણ જેને કંઇ જ માગવાની ઇચ્છા નથી તેવા સંતો જ શાન્તિ આપી શકે. આજ યુગમાં આવા સંતોય કેટલા! જરા, વિચારપૂર્વક આસ-પાસ નજર કરી જુઓ! જેઓ સ્વયં કંઇ પામ્યા નથી અને પામ્યાનો ડોળ કરી બેસી ગયા છે. તેઓ માનવોને શું આપી શકવાના! કોઇને કંઇક આપવા માટે, સૌ પ્રથમ તમારી પાસે તે કંઇક હોવું જોઇએ તે જરૂરી છે. મારી જ પાસે પૈસા ન હોય તો હું માગનારને શી રીતે આપી શકવાનો! આ વ્યવહારનું સત્ય આધ્યાત્મિક ક્ષેત્રે પણ એટલું જ સાચું કે યથાર્થ છે. પામેલો જ કંઇક આપી શકે છે.

* * *

સામાન્ય રીતે આપણી માન્યતા છે કે સંતો જીવંત હોય છે ત્યારે તેઓ અધ્યાત્મ પ્રસારનું કામ કરતા હોય છે. પરંતુ જરા બારીકાઈથી નિરીક્ષણ કરીશું તો એથી ઉલ્ટું જણાશે. શ્રીરામકૃષ્ણ પરમહંસ જીવંત હતા ત્યારે તેમને કેટલા જાણતા? આજે રામ-કૃષ્ણમિશન જે રીતે વિસ્તાર પામ્યું છે ને જે રીતે તે વિવિધ પ્રકારની સેવાઓની સાથે અધ્યાત્મ પ્રસારની જે પ્રવૃત્તિ કરી રહ્યું છે તેનાથી તો તે વિશ્વભરમાં જાણીતું થઇ ગયું છે. આ કોણે કર્યું? કયી શક્તિ એની પાછળ કામ કરી રહી છે? તે બીજી કોઇ નહિ, પણ એ પરમપુરુષ શ્રી રામકૃષ્ણદેવની જ.

એવું જ કંઇ સ્વામિનારાયણ સંપ્રદાયનું જણાય છે. પ. પૂ. સહજાનંદ સ્વામીની હયાતીમાં એ સંપ્રદાયનો જે વ્યાપ અને વિકાસ હતો તેના કરતાં આજે અનેકગણો દેખાય છે. તેની પાછળ પણ તે મહાપુરુષની અને તેઓના અનેક નિષ્ઠાવાન સાધુઓની



પરંપરા જ કામ કરી રહી છે. અને આવી કૃપા ઝંખનારા માણસોની સંખ્યા પણ ઉત્તરોત્તર વધતી રહી છે. જેમ જેમ માનસિક તનાવનો વ્યાપ બહિર્મુખતાથી વધતો જ જાય છે, તેમ તેમ કેટલાક વિચારશીલ માનવોમાં આત્મિક શાન્તિની ભૂખ પણ ઊઘડતી જણાય છે. એ એક સારું ચિહ્ન છે.

પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની સાધકોને એક મહત્ત્વની શીખ રહી છે કે જીવનમાં ગુરુ કરવાની ઉતાવળ કદી ન કરતા, કારણ કે ઘણીવાર અસલી સોના કરતાં નકલી સોનું વધારે ચળકાટવાળું લાગતું હોય છે ને મોટાભાગના માણસો જાહેરાતો, પ્રચાર અને વાચાળતાના પ્રભાવમાં આવી જઇ, ગુરુ કરવાની પસંદગી કરવા-માં ભૂલ કરી બેસે છે. પછી પાછળથી પસ્તાય છે.

એટલે સાચો રસ્તો એ છે કે પ્રભુને જ ગુરુ તરીકે સ્વીકારી સાધનામાં સચ્ચાઇપૂર્વક લાગી જાઓ, ને પ્રાર્થતા રહો તો પ્રભુ જ તમારું જીવન સંભાળી લેશે.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# આઝાદીનું મહામૂલું સમણું સાકાર કરનાર ગુજરાતના સત્યાગ્રહો

અંગ્રેજ શાસનની નાગચૂડમાંથી મુકિત મેળવવાની પ્રત્યેક હિન્દવાસીની ઝંખના હતી. મુકિત માટે સૌ પ્રથમ જંગ સન ૧૮૫૭માં ખેલાયો. આ જંગમાં અનેક વીર પુરૂષોએ આહુતિ આપી બલિદાન આપ્યાં. પરંતુ વિદેશી શાસને આ જંગને કચડી નાખ્યો અને તેની સાથે લોકોની આઝાદીની ઇચ્છા પણ રગદોળાઇ ગઇ. આઝાદીની આશા અધૂરી રહેતાં લોકોમાં નિરાશા વ્યાપી ગઇ હતી. નિરાશાના કારણે હથિયારોથી સજ્જ બ્રિટિશ સલ્તનત સામે ખૂમારીથી લડનાર પ્રજા લડવાની હામ ખોઇ બેઠી હતી પરંતુ મુકિત માટેની ઝંખનામાં સહેજ પણ ઓટ આવી ન હતી.

આઝાદી નહીં મળવાના કારણે એક પ્રકારનો અજંપો અનુભવતી હિન્દ પ્રજામાં વિજય માટેની અધિરાઇ વધી રહી હતી. આ માટે એક સમર્થ નેતૃત્વની જરૂર હતી. ગાંધીજીનું સન ૧૯૧૫માં હિંદમાં આગમન થતાં નેતૃત્વનો પ્રશ્ન ઊકેલાઇ ગયો. ગાંધીજીએ તેમના રાજકીય ગુરૂ ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહથી એક વર્ષ સુધી રાજકીય પ્રવૃત્તિમાં પડયા વિના દેશની સાચી સ્થિતિનું અવલોકન કર્યું. ત્યારબાદ સ્વાતંત્ર્ય સંગ્રામનું સુકાન સંભાળ્યું.

દેશની પરિસ્થિતિના એક વર્ષના અભ્યાસ બાદ, ગાંધીજીના માનસ પર એક વાત ચોક્કસપણે અંકિત થઇ ચૂકી હતી કે સ્વરાજય પ્રાપ્ત કરવા માટે અહિંસાની લડત સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. અહિંસાનો માગર્ અપનાવી સત્યાગ્રહના હથિયાર વડે સમગ્ર દેશની પ્રજાને આઝાદીની લડત માટે જાગૃત કરવાનો પ્રયાસ આદર્યો.

અન્યાયો સામે લડવા માટે દક્ષિણ આફ્રિકામાં સફળ થયેલ સત્યાગ્રહનું હથિયાર ભારતમાં અસરકારક સાબિત થઇ શકે તેમ છે, તેવું ગાંધીજી દઢપણે માનતા હતા. આથી દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની શસ્ત્ર પ્રયોગશાળામાં સફળ થયેલા પ્રયોગોનો હિંદમાં ઉપયોગ કરવાનો સંકલ્પ કર્યો.

ગાંધીજીએ પોતાની માતૃભૂમિ-ગુજરાતને કર્મભૂમિ બનાવી સમગ્ર દેશમાં સ્વાતંત્ર્ય સંગ્રામનું રણશિંગુ ફૂંકવાના આશયથી અમદાવાદ ખાતે કોચરબમાં એક બંગલો રાખી સન ૧૯૧૫માં સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરી.

આ ઘટનાથી ગુજરાતમાં સ્વાતંત્ર્ય ચળવળને વેગ મળ્યો, ફલસ્વરૂપે ગાંધીના ગુજરાતની ધરતી પર આઝાદીની લડતને વેગ આપતી અનેક નાની મોટી ઘટનાઓ બની. સમગ્ર દેશ માટે મુકિત સંગ્રામનો સંદેશો પહોંચાડે તેવા બારડોલીનો સત્યાગ્રહ, દાંડી કૂચ જેવા નવ જેટલા સત્યાગ્રહો યોજાયા. છેવટે આ સત્યાગ્રહની લડત સામે અંગ્રેજ સરકાર ઝૂકી અને ઓગષ્ટ, ૧૫, ૧૯૪૭ના રોજ સમગ્ર ભારતની પ્રજાનું આઝાદીનું સ્વપ્ન સાકાર થયું.

# આવો, આપણે મહાગુજરાતને વિશ્વનું શ્રેષ્ઠ રાજ્ય બનાવીએ

આપણને સ્વાતંત્ર્ય મળ્યાને આજે ૫૦ વર્ષ પૂરાં થયાં છે. હવે વર્ષભર આપણે સ્વાતંત્ર્યની સુવર્ણ જયંતી એટલે કે ૫૦ વર્ષની ઉજવણી કરવાના છીએ. ગુજરાત માત્રની જો વાત કરીએ તો અલગ રાજ્યની સ્થાપનાને ૩૭ વર્ષ પૂરાં થયાં છે., પરંતુ ગુજરાત તો મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની અહાલેકથી ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના પણ બે દાયકા અગાઉથી મનોમન આઝાદ થઇ ચૂકયું હતું. ૧૯૩૦ના દાંડી સત્યાગ્રહ પછી ગુજરાત ગુલામીની બેડીમાંથી મનોમન આઝાદ થઇ ચૂકયું હતું.

આ સ્વાતંત્ર્ય એટલે રાજકીય સ્વાતંત્ર્ય. મહાત્મા ગાંધીજી કહેતા તે "સ્વ" રાજ આપણે હજુ પૂરેપૂરું હાંસલ કરી શકયા નથી. ગુલામ ભારતમાં જનતા દિલ્હીમાં વાઇસરોય તરફ મીટ માંડીને બેસી રહેતી હતી. વાઇસરોય શું કરશે ? શું નહિં કરે ? કારણ કે ગાંધીજી કહેતા હતા તેમ ત્યારે પણ આપણ સ્વાવલંબી ન હતા.

આજે રાજકીય સ્વાતંત્ર્યના ૫૦ વર્ષ પછી હજુ ગુજરાતની સાડાચાર કરોડની જનતા ગાંધીનગરમાં શું ચાલે છે અને કેવું ચાલે છે તે જાણવા હંમેશાં આતુર હોય છે. દિલ્હી તરફ મીટ માંડી બેસી રહે છે.

કારણ કે ગાંધીજીએ હિંદ સ્વરાજનું જે સ્વપ્ન જોયું હતું તે મુજબ હજુ આજે પણ લોકો પોતાની જાત અને પોતાના જીવન પર સંપૂર્ણ મુસ્તાક નથી. સ્વાવલંબી નથી. જે દિવસે આ રાજયનો કે દેશનો એક-એક પ્રજાજન યથાર્થમાં સ્વાવલંબી બની જશે તે દિવસે ગાંધીનગર કે દિલ્હીમાં શું ચાલે છે તેની કોઇને પરવા રહેશે નહિ.

૫૦ વર્ષોમાં તમામ વર્ગો-ક્ષેત્રો સરકાર પર વધુને વધુ પરાવલંબી બનતાં ગયાં છે. સ્વાતંત્ર્યનું પર્વ એટલે સરકારી પર્વ નહિ પણ નાના-મોટા ગરીબ તવંગર, લઘુમતી-બહુમતી, સ્ત્રી કે પુરૂષ સૌનું પોતાનું પર્વ.

આવો... આજે આપણે નિર્ધાર કરીએ કે આપણે તમામ...એક એક-એક જન રાજકીય ઉપરાંત આર્થિક અને સામાજિક સ્વાતંત્ર્ય હાંસલ કરીને. આપણ સૌ...ખાસ કરીને યુવા-યુવતિઓ એવી લગનથી સખત મહેનત કરીએ કે ગુજરાત દેશનું જ નહિ વિશ્વનું એક શ્રેષ્ઠ રાજ્ય બની રહે. ગુજરાત મહાન તો દેશ મહાન.

શંકરસિંહ વાઘેલા
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

## ગુજરાત મહાન એટલે જ ભારત મહાન

## સુવાક્ય

જપ અને ધ્યાનની એક ઠેકાણે બેસીને કરાતી સાધના માટે મહત્ત્વના ત્રણ આસન માનવામાં આવે છે. પદ્માસનનો પ્રચાર વધારે દેખાય છે. જેને એ આસન ના ફાવે તે સ્વસ્તિકાસનમાં બેસી શકે છે. સિદ્ધાસન સુંદર છે. પરંતુ તેમાં લાંબા વખત લગી બેસવા માટે ઘણી ભારે તૈયારી જોઇએ.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



પુષ્ટિ સંપ્રદાયના પ. પૂ. ગોંસાઇજીના

# પરમ ભક્ત શ્રી ગોવિંદસ્વામી

પ્રા. રમેશભાઇ પરીખ

### ભાવપૂર્ણ ગીત જ પ્રભુને ગમે

જતિપુરામાં શ્રીગિરિરાજજી પર શ્રીનાથજીના મંદિરની રખેવાળી કરવાની સેવા રૂપા પોળિયા નામના એક સેવક કરતા. તેઓ આખી રાત ચોકી કરતા. રાત્રે જાગવા માટે તેઓ પોતાને આવડે તેવા રાગમાં ગાંડાં–ઘેલાં કીર્તનો રાગોડતા. તેમને ગાતાં આવડતું નહીં. રાગ, તાલ કે કંઠનું ઠેકાણું નહીં.

એક દિવસ ગોવિંદસ્વામી રૂપા પોળિયાને ગાતાં સાંભળી ગયા. તેમનાથી તે સહન ન થયું. તેમણે કહ્યું : 'રૂપા, આવું ઢંગધડા વિનાનું કેમ રાગોડે છે?

'મને સારું આવડતું નથી.'

'તો તું ગાવાનું બંધ રાખ, મારાથી આ સહન થતું નથી. રૂપા પોળિયાએ ગોવિન્દસ્વામીની વાત માની. તે રાતે તેમણે કંઇ ગાયું નહીં.

સવારે શ્રીગુસાંઇજી શ્રીનાથજીને જગાવવા પધાર્યાં. શ્રીનાથજીનાં નેત્રકમળમાં ઉજાગરો સ્પષ્ટ હતો. આપે પૂછ્યું : 'આજે આમ કેમ?'

આજે રાતે રૂપાએ ગાયું નહીં, એટલે મને નીંદ ન આવી.'

શ્રીગુસાંઇજીએ રૂપાને બોલાવીને પૂછ્યું. તેમણે કહ્યું : 'મને ગોવિન્દસ્વામીએ ના કહી એટલે મેં ગાયું નથી.'

શ્રીગુસાંઇજીએ રૂપાને આજ્ઞા કરી : 'તું તારી રીતે ગાજે હૃદયના શુદ્ધ ભાવથી ગાયેલું તારું ગાંડું ઘેલું ગાન પણ શ્રીજીને ગમે છે.'

પછી આપશ્રીએ ગોવિન્દસ્વામીને આ સર્વ હકીકત કહી, ગોવિન્દસ્વામીએ કહ્યું : 'ભલે ત્યારે, મહારાજ રૂપાને ગાવા દો. મને શું ખબર કે તમારા આ ગોવિંદને ગોળ અને ખોળ બંને સરખા પ્રિય લાગતાં હશે ?'

### સિદ્ધાંતનવનીત

કલાકારે કલાની દૃષ્ટિએ નિર્ણય કર્યો હતો, જ્યારે ભાવના ભૂખ્યા ભગવાન હૃદયનો ભાવ જોઇને રીઝયા હતા. આમ તો બંને વાત સાચી છે. માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે : 'પ્રભુમાં શુદ્ધ ભાવ સ્થાપન કરવો. આપણી ચતુરાઇ ત્યાં બતાવવી નહીં. પ્રભુ અંતર્યામી છે, સૌના મનના ભાવને જાણે છે.'

આ પ્રસંગ આપણને શીખવે છે કે, કલાઓ જેટલા સુંદર સ્વરૂપમાં આપણને હસ્તગત થાય, તેટલા સુંદર સ્વરૂપમાં હૃદયના સાચા ભાવપૂર્વક પ્રભુને અંગીકાર કરાવવી જોઇએ.

### ભગવાન તમે સાજા તો છો ને ?

એક વખત શ્રીગુસાંઇજી મથુરા પધાર્યા હતા. સાથે ગોવિંદ-સ્વામી પણ ગયા હતા. મથુરામાં શ્રીકૃષ્ણજન્મસ્થાન પર શ્રીકેશવ-રાયજીનું પ્રખ્યાત મંદિર આવેલું હતું. શ્રીગુસાંઇજી જ્યારે જ્યારે મથુરા પધારતા ત્યારે ત્યારે શ્રીકેશવરાયજીના મંદિરે પણ પધારતા.

ભરઊનાળાના દિવસો હતા. આજે પણ આપશ્રી નિજમંદિર-માં પધાર્યાં. ગોવિંદસ્વામી નિજમંદિરના દ્વાર પાસે ઊભા હતા.



શ્રીકેશવરાયજીને ભારે જરીના વાગા અને પટકાં ધરેલાં હતાં. હીરામાણેકનાં ભારે આભૂષણો પણ હતાં. સૌથી ઉપર જરીની જાડી ઓઢની હતી. ચારે બાજુ દીવાઓની રોશની હતી.

દર્શન કરતાં ગોવિંદસ્વામી અકળાઇ ગયા. તેઓ વિચાર કરવા લાગ્યા : 'આજે કોઇ ઉત્સવ નથી. આવા ઊનાળામાં આટલો બધો ભપકો કેમ કર્યો હશે? પ્રભુને કોઇ પંખો પણ નાંખતું નથી. ક્યાં આપણા મંદિરની શીતળ સુખદ સજાવટ અને ક્યાં અહીં મર્યાદારીતની પૂજાનો ક્રમ ! આપણા મંદિરોમાં અત્યારે કેવું શીતલ જલ છિરકાય, ચંદન સમર્પાય, પંખા થાય, પ્રભુ શીતળ સામગ્રી આરોગે, ફૂલમંડલીમાં બિરાજે. વસ્ત્રો પણ કેવાં બારીક મલમલનાં હોય ! આભૂષણો પણ સૂક્ષ્મ અને તે ય મોતીનાં હોય. અહીં આમાંનું કંઇ ન મળે. જાડાં જરીનાં વસ્ત્રો અને જડાવનાં આભૂષણો. પ્રભુ આવું કેમ નભાવી લેતા હશે? લાવ, જરા કેશવરાયજીને પ્રશ્ન કરું.'

ગોવિન્દસ્વામીને સખ્યભક્તિ સિદ્ધ થઇ હતી. તે નાતે પ્રભુને પણ પ્રશ્ન કરવાનો તેમને અધિકાર પ્રભુએ આપ્યો હતો. સખ્યભાવમાં પ્રભુની પણ હાંસી થાય, તે અપરાધરૂપ ન બને.

તેમણે વિચાર કર્યો : 'ભરઊનાળામાં પણ આપણને ટાઢ વાઇને તાવ આવે, તો જાડાં કપડાં પહેરવાં ઓઢવાં પડે.' આવી કલ્પના કરતાં તેમણે હસતાં હસતાં શ્રીકેશવરાયજીને પૂછ્યું : 'ભગવાન, તમે સાજા તો છો ને?'

ચતુર–શિરોમણિ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ગોવિન્દસ્વામીનો આ વ્યંગ સમજી ગયા. પોતે મનમાં મુસ્કુરાયા. પોતે આચાર્ય છે એટલે મર્યાદાઠાકુરનું પણ માન રાખે.

બહાર આવીને આપે કહ્યું : 'ગોવિન્દદાસ, ભગવાનને આપણાથી આવું કહેવાય?'

'મહારાજ, આપ ન કહો, પણ મારાથી તો ન રહેવાયું, એટલે કહેવાયું. આ અસહ્ય ગરમીમાં આવાં જાડાં વસ્ત્રો ધરીને બેઠા છે, એટલે પૂછવું તો પડે ને? ન પૂછીએ તો યે ખોટું લાગે.'

શ્રીગુસાંઇજી મૌન રહ્યા.

### સિદ્ધાંતનવનીત

આવો જ પ્રસંગ રાજા માનસિંહે પણ અનુભવ્યો હતો. તેને પણ મથુરાના મર્યાદામંદિરોની સરખામણીમાં શ્રીનાથજીના મંદિરની સેવાપ્રકારની વિશિષ્ટતા સમજાઇ હતી. તેથી તે ઘણો પ્રભાવિત થયો હતો.

મર્યાદા–માર્ગની પૂજાપદ્ધતિ કરતાં પુષ્ટિમાર્ગીય સેવાનો પ્રકાર ઘણી બાબતોમાં જુદો પડે છે. કારણ તે બંનેની પાછળ રહેલી ભાવનાઓ જુદી જુદી છે. મર્યાદાપૂજામાં ઈશ્વરના માહાત્મ્યનું પ્રાધાન્ય છે. માટે ત્યાં કર્મમાર્ગનાં વિધિનિષેધોનું મહત્ત્વ છે. પ્રભુના સુખને નજર સમક્ષ રાખીને સેવાની સર્વ પ્રણાલિકા ગોઠવવામાં આવી છે. તેમાં યથા દેહે તથા દેવે એ સિદ્ધાંત મુખ્ય છે.

દયારામભાઇ પૂજા અને સેવાનો ભેદ સમજાવતા કહે છે : પૂજા તે જેમાં વિધિ–પ્રમાણ, સેવા તે જેમાં સ્નેહબંધાન.' (ભક્તિ-પોષણ)

### સખ્યભાવની પરાકાષ્ઠા

એક વખત શ્રીજી વનમાં ગોવિંદસ્વામી સાથે ખેલતા હતા. તે રમતમાં શ્રીજી હાર્યા. હાર્યા એટલે તેમના ઉપર દાવ આવ્યો. જેમ બાળકો કોઇ વખત અંચઇ કરે છે, તેવું આજે શ્રીજીએ કર્યું. દાવ



ચૂકવવાને બદલે શ્રીજી દોડીને મંદિરમાં આવતા રહ્યા. પાછળ ગોવિંદસ્વામી પણ દોડતા આવ્યા. તેમણે જોયું તો શ્રીજી મંદિરમાં ભરાઇ ગયા છે.

ગોવિંદસ્વામી બહાર ઊભા ઊભા બોલવા લાગ્યા : 'લાલા દાવ આપ્યા વિના ભાગી આવ્યા છો, પણ હું તમને છોડવાનો નથી હોં. ખેલમાં તો બધા સરખા–ખેલ મેં કો કાકો ગુસૈયા. તમે વળી મોટા થાના? દાવ તો આપવો જ પડે ને!

શ્રીજી મંદિરમાંથી સાંભળતા હતા. ગોવિન્દસ્વામીને વધુ ચીડવવા માટે શ્રીજીએ એક કાંકરી લઇ ગોવિંદસ્વામી તરફ ફેંકી, ગોવિંદસ્વામીને તે વાગી પણ ખરી. પછી શ્રીજીએ બીજી કાંકરી ફેંકી, ત્રીજી ફેંકી. એમ સાત કાંકરીઓ મારી.

ગોવિંદસ્વામીથી હવે સહન ન થયું. તેમણે એક કાંકરી લઇને શ્રીજી તરફ ફેંકી, ત્યાં શ્રીજી ચમક્યા.

શ્રીગુસાંઇજી આ સમય દરમ્યાન ઝારીજી ભરવા અંદર મથની કોઠામાં પધારેલા હતા. તેઓ તે સમયે શ્રીજીની પાસે આવી પહોંચ્યા. શ્રીજીને ચમકતા જોઇને તેમણે પાછળ નજર કરી. સામે ગોવિંદસ્વામીને ઊભેલા જોયા. શ્રીજીની પાસે પડેલ કાંકરી પણ જોઇ. આપ સમજી ગયા.

આપશ્રીએ ગોવિંદસ્વામીને મીઠો ઠપકો આપ્યો. : 'ગોવિંદદાસ, આ શું? તમે શ્રીજીને કાંકરી મારી.' આવું થાય!

'મહારાજ, એમણે મને સાત કાંકરી મારી, ત્યારે મેં તો એક જ મારી છે. આપ મને કહો છો, પણ આપણા લાડકવાયાને કંઇ કહેશો ખરા!' પરંતુ આપ તેમને તો થાના કહો.' પેલી કહેવત છે ને–છગન મગનિયા સોનાના, પાડોશીના પીતળિયા ને લોકનાં છોકરાં લોઢાનાં!'

શ્રીગુસાંઇજી અને શ્રીજી મંદ મુસ્કાન કરી રહ્યા. એ નિરખતાં ગોવિંદસ્વામીને ચઢેલી રીસ પણ ઊતરી ગઇ.

એક વખત શ્રીનાથજી અને ગોવિંદસ્વામી બિલછુકુંડ પર ગેડીદડો ખેલવા ગયા હતા. તે દિવસે શ્રીનાથજી દાવમાં જીતતા હતા. ગોવિંદસ્વામી દોડતાં દોડતાં ખૂબ થાકી ગયા. પછી જ્યારે ગોવિંદસ્વામીનો દાવ આવ્યો, ત્યારે શ્રીનાથજી ત્યાંથી નાઠા, અને દોડીને મંદિરમાં પધાર્યાં. ગોવિંદસ્વામી પણ તેમની પાછળ દોડયા.

તે જ વખતે શ્રીગુસાંઇજી રાજભોગનો થાળ લઇ મંદિરમાં પધાર્યાં. શ્રીનાથજી દોડીને આવેલા એટલે ઊંડા શ્વાસ લેતા હતા. શ્રીગુસાંઇજીએ પૂછ્યું : 'બાવા, આજ આ શું છે?'

શ્રીનાથજીએ કહ્યું : 'હું ગોવિંદદાસનો દાવ આપ્યા વિના નાસીને આવ્યો છું, તેથી મને બીક લાગે છે કે દાવ લેવા તે અહીં આવશે.'

'બાવા, આપ બીશો નહીં. એ અહીં ન આવે એવી વ્યવસ્થા કરું છું.'

શ્રીગુસાંઇજીએ દ્વારપાળને બોલાવી આજ્ઞા કરી : 'હમણાં ગોવિંદદાસને અહીં આવવા દેશો નહીં.'

થોડીક જ મિનિટોમાં ગોવિંદસ્વામી ગુસ્સે થઇ દોડતા આવ્યા. દ્વારપાળે કહ્યું : 'શ્રીગુસાંઇજીની આજ્ઞા છે, હમણાં તમારે અંદર જવાનું નથી.'

ગોવિંદસ્વામી ગોવિંદ–કુંડ પર જઇને બેઠા. તેઓ બબડવા લાગ્યા : 'મારો દાવ આપ્યા વિના નાસી આવીને મંદિરમાં સંતાયો છે, તે કોઇક દિવસ તો બહાર નીકળશે ને! ત્યારે હું મારો દાવ લઇશ.'



શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીને રાજભોગ ધર્યાં પરંતુ શ્રીનાથજી આરોગતા નથી. શ્રીનાથજીએ શ્રીગુસાંઇજીને આજ્ઞા કરી :'મારા ગોવિંદદાસ વિના મને રાજભોગ આરોગવાનો આનંદ આવતો નથી. તેને બોલાવો, તે અહીં આવશે તો જ હું રાજભોગ આરોગીશ. કારણ, દોષ તો મારો છે. તે તો અહીં આવતા હતા, પણ આપની આજ્ઞાથી દ્વારપાળે આવવા દીધા નથી. તે ગોવિંદકુંડ પર જઇને બેઠા છે અને મને ડરાવવાના વચનો બોલે છે, માટે તેને જલદી બોલાવો.'

શ્રીગુસાંઇજી સ્વયં ગોવિંદકુંડ પર પધાર્યાં. ગોવિંદસ્વામીએ આપશ્રીને દંડવત્ કર્યાં. ગોવિંદસ્વામીના નેત્રોમાંથી આંસુની ધારા ચાલી જતી હતી.

શ્રીગુસાંઇજીએ પૂછ્યું : 'ગોવિંદદાસ મનમાં આટલો ખેદ કેમ કરો છો? શ્રીનાથજી તમારા વિના રાજભોગ આરોગતા નથી, માટે જલદી ચાલો.'

આ સાંભળતાં જ ગોવિંદસ્વામી ખૂબ પ્રસન્ન થયા અને શ્રીગુસાંઇજી સાથે મંદિરમાં આવ્યા.

શ્રીનાથજીએ ગોવિંદદાસને કહ્યું : 'આમાં રિસાઇ શું ગયો? તું કહેતો હોય તો હું હમણાં જ દાવ આપવા આવું, પછી રાજભોગ આરોગીશ.'

ગોવિંદસ્વામીએ હસીને કહ્યું : 'હવે આપ પહેલાં અહીં આરોગી લો, પછી ખેલની વાત. દાવ તો પછી લેવાશે.'

શ્રીનાથજી પ્રસન્ન થઇ રાજભોગ આરોગ્યા.

### આચાર–પાલનમાંય વિવેક જોઇએ

મોહના ભંગી શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર સેવક હતા. શ્રીનાથજીની પણ તેમના પર અત્યંત કૃપા હતી. શ્રીનાથજી મોહના

ભંગીને દરરોજ દર્શન આપતા અને તેમની સાથે ખેલતા, એક દિવસ મોહના ભંગી શ્રીનાથજી પાસે અપ્સરા કુંડ નજીક ઊભા હતા.

મોહના ભંગીના મનમાં હંમેશા એવો મનોરથ રહેતો કે જેમ શ્રીનાથજી ગોવિંદસ્વામીને ઘોડો કરી, તેમના ઉપર બિરાજે છે, તેમ કોઇક દિવસ મારા ઉપર પણ બિરાજે તો કેવું !

આજે ગોવિંદસ્વામી શ્રીનાથજી સાથે ખેલવા આવેલા નહોતા. શ્રીનાથજી તો ભક્તમનોરથપૂરક છે. તેમણે મોહના ભંગીની મનની ભાવના જાણી. શ્રીનાથજીએ મોહનાને કહ્યું : 'મોહના, ઘોડો થઇ જા. મને તારા પર બેસાડી ગોવિંદકુંડ તરફ લઇ જા.'

મોહનાને ઘણો આનંદ થયો. તેમણે શ્રીનાથજીને ખભે બેસાડયા. તે આનંદથી ઘોડાની જેમ કૂદતા કૂદતા ગોવિંદકુંડ તરફ ગયા.

ત્યાં સામેથી ગોવિંદસ્વામી આવ્યા. મોહના ગોવિંદસ્વામીને જોઇ મનમાં ડરવા લાગ્યો.

ગોવિંદસ્વામીએ ખિજાઇને કહ્યું : 'મોહના, તું શ્રીનાથજીને શા માટે અડયો ?'

ગોવિંદસ્વામીનો ગુસ્સો જોઇ, મોહના તો શ્રીનાથજીને ત્યાં જ ઉતારી નાસી ગયો.

ગોવિંદસ્વામીએ શ્રીનાથજીને કહ્યું : 'લાલા, મને અડકશો નહીં, તમે મોહનાને અડક્યા છો, માટે પહેરેલાં વસ્ત્રોસહિત ગોવિંદકુંડમાં સ્નાન કરો. પછી જ હું તમને અડકીશ.

શ્રીનાથજી ગોવિંદકુંડમાં વસ્ત્રોસહિત સ્નાન કરી બહાર પધાર્યાં. ઠંડા જલથી સ્નાન કરવાથી ઘણી ટાઢ ચઢી. ભીંજાયેલા વસ્ત્રે જ મંદિરમાં પધાર્યાં. ઉત્થાપનનો સમય થયો હતો.



શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીનાં ભીનાં વસ્ત્રનાં દર્શન કર્યાં. શ્રીનાથજી ઠંડીથી ધ્રૂજતા હતા. આપે પૂછ્યું : 'બાવા આ શું ?'

'કાકાજી, મને ગોવિંદદાસે વસ્ત્રસહિત ગોવિંદકુંડમાં સ્નાન કરાવ્યું છે.' શ્રીગુસાંઇજીએ બહાર પધારી એક વ્રજવાસીને આજ્ઞા કરી : 'જલદી ગોવિંદસ્વામીને બોલાવી લાવો.'

ગોવિંદસ્વામીએ આવી દંડવત્ કર્યાં.

'ગોવિંદદાસ, તમે શ્રીનાથજીને કેમ સ્નાન કરાવ્યું ? બધાં વસ્ત્ર ભીંજાઇ ગયાં છે. સુકુમાર શ્રીનાથજી ધ્રૂજે છે.'

ગોવિંદસ્વામીએ કહ્યું : 'મહારાજ, આજે શ્રીનાથજી મોહના ભંગીની કાંધે ચઢીને આવ્યા હતા. એટલે મેં કહ્યું કે : 'તમે મોહનાને અડકીને આવ્યા છો, તેથી આખું મંદિર છોવાઇ જશે, માટે સ્નાન કરો.'

શ્રીગુસાંઇજીએ કહ્યું : 'ગોવિંદદાસ, તમે એ ઠીક ન કર્યું. શ્રીનાથજી ક્યારેય છોવાય નહીં.'

ગોવિંદસ્વામીએ કહ્યું : 'મહારાજ, હું શું જાણું, કે શ્રીનાથજી ન છોવાય !' ગોવિંદસ્વામીએ વિનંતી કરી : 'મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો. મને આજે દૃઢતાપૂર્વક સમજાઇ ગયું કે જ્યાં પ્રેમ છે ત્યાં નેમ નથી.'

ગોવિંદસ્વામીએ નીચેનું પદ ગાયું :

પ્રીતમ પ્રીતિહીતે પૈયે,<br>
જદપિ રૂપ ગુન સીલ સુઘરતા ઇન બાતનહી રિઝૈયે.<br>
સતકુલ જનમ કરમ શુભ લચ્છન વેદપુરાન પઢૈયે;<br>
ગોવિંદ પ્રભુ બિનુ સનેહ સૂવા લોં રસના કહા નચૈયે.

ભાવાર્થ:–પ્રિયતમ પ્રભુ કેવળ પ્રેમદ્વારા જ પ્રાપ્ત થાય છે. કોઇ વ્યક્તિ ગમે તેવી રૂપવાન, ગુણવાન, ચારિત્ર્યવાન કે સુઘડ હોય છતાંય એ બધી બાબતોથી પ્રભુ રીઝતા નથી. કોઇ વ્યક્તિનો જન્મ સારા કુળમાં થયો હોય, તેના કર્મ અને લક્ષણ ગમે તેટલાં સારાં હોય કે તે વેદ–પુરાણ ભણેલો હોય છતાં તેનાથી પ્રભુ મળતા નથી. ગોવિંદસ્વામી કહે છે, પ્રભુ કેવળ સ્નેહદ્વારા જ પ્રાપ્ત થાય છે. આ જીભને બીજી વાતો કરીને પોપટની જેમ ક્યાંસુધી નચાવવી?)

આ પ્રસંગ સમજવા જેવો છે. વેદશાસ્ત્રોએ બતાવેલા વર્ણાશ્રમ ધર્મના સિદ્ધાંતો મનુષ્યોને લાગુ પડે છે. ઈશ્વરને લાગુ પડતા નથી; કારણ પ્રભુ કદી કશાથી છોવાતા (અપવિત્ર થતા) નથી તેથી પ્રભુની સેવામાં પ્રભુના સુખનો વિવેક રાખવો જોઇએ.

**લવાજમ મોકલાવો**

ઓક્ટોબર–'૯૭ થી અધ્યાત્મ માસિકનું ૧૯ મું વર્ષ શરૂ થાય છે. એથી જે ગ્રાહકો વાર્ષિક લવાજમ ભરતા હોય, તેઓને પોતાનું લવાજમ કેન્દ્રોદ્વારા અગર સીધું તંત્રી નારાયણ હ. જાની, પ્લોટ નં. ૧૬૮૮ બી., સરદાર-નગર, ભાવનગર–૩૬૪૦૧, ને મની ઓર્ડર અગર ડ્રાફ્ટ-થી મોકલવા વિનંતી છે. ચેક સ્વીકારવામાં આવતો નથી.

ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૨૫/– છે.

ધ્યાનકેન્દ્રો પણ ગ્રાહકોની યાદી સમયસર મોકલાવે તેવી વિનંતી છે.



પોલ બ્રન્ટનની

# મહર્ષિ સાથેની મુલાકાત

(ગતાંકથી આગળ)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

એ અસીમ શાંતિમાં એક પહેલવહેલો પરપોટો પેદા થયો. કોઇએ મારી પાસે આવીને મારા કાનમાં કહેવા માંડયું : 'તમે મહર્ષિને પ્રશ્ન પૂછવા નહોતા માગતા?'

એવું કહેનારા મારા પહેલાંના ભોમિયાની ધીરજ કદાચ ખૂટી ગઇ હશે. કદાચ એમણે એવું પણ માન્યું હોય કે મારા જેવા અધીરા અંગ્રેજની ધીરજની હદ આવી ગઇ છે. અફસોસ, મારા જિજ્ઞાસુ મિત્ર! હું અહીં ખરેખરું કહું તો તમારા ગુરુને પ્રશ્નો પૂછવાના ઉદ્દેશથી જ આવેલો. પરંતુ હવે તો મારી પોતાની તથા સમસ્ત સંસારની સાથે હું શાંતિનો અનુભવ કરી રહ્યો છું ત્યારે પ્રશ્નો પૂછીને મારે મારું માથું શું કામ દુઃખવવું જોઇએ? મારું આત્માનું વહાણ એની નાંગરવાની જગ્યાએથી આગળ વધવાનો આરંભ કરતું હોય એવું હું અનુભવી રહ્યો છું. એક અદ્ભુત સાગર ઓળંગવાની રાહ જોઇ રહ્યો. હવે જ્યારે મેં સર્વોત્તમ સાહસ કરવાની તૈયારી કરી છે ત્યારે દુનિયાના કોલાહલવાળા બંદર પર તમે મને પાછો ખેંચવા માગો છો?

પરંતુ આખરે એ મોહિનીનો અંત આવ્યો. એકાએક આવી પડેલો એ વિક્ષેપ સૂચક હોય તેમ, જમીન પરથી ઊઠીને લોકો હોલમાં ફરવા લાગ્યા, એમના શબ્દો કાને અથડાયા, અને સૌથી મોટું આશ્ચર્ય તો એ થયું કે મહર્ષિની કાળી ઘઉંવર્ણી આંખ પણ એકાદ બે વાર હાલી ઊઠી. એમનું મસ્તક ફર્યું, મોઢું ધીરેથી, ખૂબ

ધીરેથી ફરવા માંડયું, ને જરાક નીચે નમ્યું. થોડીક વધારે પળો પસાર થઇ, અને મારા પર એમની દૃષ્ટિ પણ પડી રહી. મહર્ષિની રહસ્યમય આંખ મને પહેલી જ વાર જોવા લાગી. એમની લાંબી સમાધિમાંથી એ હવે જાગ્રત થયા છે એ સ્પષ્ટ થયું.

મેં કોઇ જાતનો જવાબ ન આપ્યો તેથી મારા ભોમિયાએ, મેં એમના શબ્દો સાંભળ્યા નથી એમ માનીને, પોતાના પ્રશ્નનું જોર-થી પુનરાવર્તન કર્યું. પરંતુ મારી તરફ માયાળુતાથી મંડાયેલી પેલી તેજસ્વી આંખમાં મને વણપૂછાયલો એક બીજો પ્રશ્ન વાંચવા મળ્યો?

'તમારે પોતાને માટે તથા બધા જ મનુષ્યોને માટે મેળવી શક્ય એવી ઊંડી માનસિક શાંતિની જે ઝલક તમે હમણાં મેળવી તે પછી પણ શું એ શક્ય છે કે મનને વિક્ષિપ્ત કરનારા સંશયો તમને હજી હેરાન કરી શકે?'

મને શાંતિએ ઘેરી લીધો. ભોમિયા તરફ ફરીને મેં ઉત્તર આપ્યો :

'ના. અત્યારે મારે કશું જ નથી પૂછવું. બીજી વાર...'

મને હવે લાગ્યું કે મહર્ષિ પોતે નહિ પરંતુ ઉત્તેજિત રીતે વાત કરતું નાનું સરખું ટોળું મારા અહીં આવવા સંબંધમાં થોડાક સ્પષ્ટીકરણની આશા રાખી રહ્યું છે. મારા ભોમિયાના કહેવા પરથી મને સમજાયું કે એમાંના મૂઠીભર લોકો જ અહીં રહેનારા શિષ્યો છે, અને બાકીના તો આજુબાજુના દર્શનાર્થીઓ છે એ પછી તો મારા ભોમિયાએ પોતે જ ઊઠીને મારો પરિચય આપ્યો. ભેગા થયેલા શ્રોતાઓને બધું સમજાવતી વખતે એમણે પ્રાણવાન તામિલભાષામાં અનેક હાવભાવ સાથે બોલવા માંડયું. એમનું સ્પષ્ટીકરણ સત્યની સાથે દંતકથાના મિશ્રણવાળું છે એવી ભીતિ મારામાં પેદા થઇ, કારણ કે એને સાંભળનારા આશ્ચર્યના ઉદ્ગાર કાઢી રહ્યા હતા.

* * *



બપોરની ભોજનવિધિ પૂરી થઇ. મધ્યાહ્ન પછીનું ટેમ્પરેચર મેં પહેલાં કદી પણ ન અનુભવેલી ડિગ્રીએ સૂર્યે નિર્દયતાપૂર્વક પહોંચાડી દીધું. વિષુવૃત્તથી બહુ દૂરના અક્ષાંશ પર અમે નહોતા. ભારતમાં પ્રવૃત્તિપરાયણતાને ન પ્રકટાવનારું હવામાન પેદા કરવા માટે મને આભાર માનવાનું મન થયું, કારણ કે મોટાભાગના લોકો ઘટાદાર ઝાડીઓમાં શાંતિ મેળવવા ચાલ્યા ગયા છે. મહર્ષિની પાસે એટલા માટે હું મરજી મુજબ આગળથી કહીને કોઇ જાતની ધાંધલ વગર શાંતિથી જઇ શક્યો.

મોટા હોલમાં પ્રવેશીને હું એમની પાસે બેસી ગયો. કોચ પર પડેલા સફેદ તકિયા પર એ આડા પડેલા, કોઇક સેવક દોરડું ખેંચીને પંખો કરી રહ્યો હતો. દોરડાનો ધીમો સ્વર અને ગરમ હવામાં ચાલતા પંખાનો અવાજ કાનને ઘણો પ્રિય લાગતો.

મહર્ષિના હાથમાં કોઇ વાળેલી હસ્તલિખિત ચોપડી હતી. અત્યંત ધીમી ગતિએ કશુંક લખી રહ્યા હતા. મારા પ્રવેશ પછી થોડીક મિનિટે એમણે ચોપડી બાજુએ મૂકી અને કોઇ શિષ્યને બોલાવ્યો. એમની વચ્ચે તામિલમાં થોડી વાતચીત થઇ, પછી પેલા ભાઇએ કહ્યું કે મેં એમની સાથે ભોજનમાં ભાગ ન લીધો એટલા માટે મહર્ષિ પોતાનો ખેદ જાહેર કરે છે. એણે કહ્યું કે સાદું જીવન જીવે છે, અને અંગ્રેજોને અત્યાર સુધી કોઇ વાર પીરસવાનો પ્રસંગ ન આવ્યો હોવાથી એમનું ભોજન કેવું હોય છે તેની પણ માહિતી નથી ધરાવતા. મેં મહર્ષિનો આભાર માનીને કહ્યું કે એમની સાથે બેસીને સાદું ભોજન કરવાનું મને ગમશે. એ ઉપરાંત હું શહેરમાંથી થોડોક ખોરાક મેળવી લઇશ મેં વધારામાં એમ પણ કહ્યું કે જે વસ્તુની શોધ કરવા મારે એમના આશ્રમમાં આવવાનું થયું છે એની આગળ ભોજનનો પ્રશ્ન મને એટલો અગત્યનો નથી લાગતો.

સંતપુરુષ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા. એમનો ચહેરો શાંત, વિક્ષેપ વગરનો અને વિકારવિહીન રહ્યો.

'એ હેતુ સારો છે.' એમણે આખરે ટીકા કરી.

એને લીધે એ જ વિષય વિસ્તારવાનો મને ઉત્સાહ મળ્યો.

'ભગવન્, મેં અમારા પશ્ચિમી તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનું અધ્યયન કર્યું છે, ભરચક વસતીવાળાં શહેરોના લોકો સાથે રહીને કામ કર્યું છે, એમનાં સુખો ભોગવ્યાં છે. અને એમની મહત્ત્વાકાંક્ષાઓનું સેવન પણ કર્યું છે. એની સાથે સાથે એકાંત સ્થળોમાં જઇને ઊંડા વિચારમાં લીન બનતાં ફર્યો છું પણ ખરો. મેં પશ્ચિમના સંતોને પ્રશ્નો પૂછ્યા છે. હવે હું પૂર્વ તરફ વળ્યો છું. મારે વિશેષ પ્રકાશની આવશ્યકતા છે.'

મહર્ષિએ જાણે કે કહેતા હોય કે, 'હા, હું બરાબર સમજું છું.' તેમ માથું હલાવ્યું.

'મેં કેટલાય અભિપ્રાયો સાંભળ્યા છે, અને અનેક સિદ્ધાંતોનો પરિચય કર્યો છે. કેટલીય જાતની માન્યતાઓના બૌદ્ધિક પુરાવા મારી આજુબાજુ એકઠા થયા છે. એ બધાથી હવે હું કંટાળી ગયો છું, કારણ કે અંગત અનુભવથી જે પુરવાર ન થઇ શકે એ અંગે મને શંકા રહે છે. એવું કહેવા બદલ મને માફ કરજો, પણ હું ધાર્મિક નથી. માનવના ભૌતિક અસ્તિત્વથી પર એવું કશું છે ખરું? જો હોય તો મને એનો સાક્ષાત્કાર કેવી રીતે થઇ શકે?'

અમારી આજુબાજુ એકઠા થયેલા ત્રણ ચાર શિષ્યો આશ્ચર્યથી જોવા લાગ્યા. એમના ગુરુની સાથે આવી હિંમતપૂર્વક તથા આટલી બધી અસભ્ય રીતે વાત કરીને આશ્રમની ઊંચી શિસ્તનો મેં ભંગ કર્યો છે? મને ખબર ન પડી. કદાચ મેં એની પરવા પણ ન કરી. વરસોની કામનાનો ભેગો થયેલો ભાર એવી અચાનક



રીતે કાબૂ બહાર જઇને મારા હોઠમાંથી બહાર નીકળી ગયો. મહર્ષિ જો સાચા હસે તો મારી વાતને જરૂર સમજી જશે અને પરંપરાને લગતા દોષોને દૂર કરી દેશે.

એમણે કોઇ મૌખિક ઉત્તર ન આપ્યો, પરંતુ કોઇ વિચારધારામાં ડૂબી ગયા હોય એવા દેખાયા. હવે બીજું કાંઇ કરવાનું નહોતું અને મારી જીભ પણ છૂટી થઇ હતી, એટલે મેં એમને સંબોધીને ત્રીજી વાર કહેવા માંડયું :

'પશ્ચિમના અમારા વિદ્વાન વૈજ્ઞાનિકોને એમની બુદ્ધિમત્તા માટે ભારે માન આપવામાં આવે છે. તે છતાં એમણે કબૂલ કર્યું છે કે જીવનની પાછળ છૂપાયેલા સત્ય પર તે ઘણો ઓછો પ્રકાશ પાડી શકે તેમ છે. એમ કહેવામાં આવે છે કે અમારા પશ્ચિમી વૈજ્ઞાનિકો જેને પ્રકટ નથી કરી શક્યા તેની માહિતી આપનારા કેટલાક પુરુષો તમારા દેશમાં હયાતી ધરાવે છે એ શું સાચું છે? આત્મિક પ્રકાશની અનુભૂતિમાં તમે મને મદદરૂપ થઇ શકશો? કે પછી એની શોધ કેવળ ભ્રમણા સિવાય બીજું કશું જ નથી?'

મારી વાતચીતનો હેતુ પૂરો થયો એટલે મહર્ષિના ઉત્તરની પ્રતીક્ષા કરવાનો મેં નિર્ણય કર્યો. એમણે મારી તરફ વિચારશીલ બનીને જોઇ રહેવાનું ચાલુ રાખ્યું. કદાચ એ મારા પ્રશ્નો પર વિચાર કરી રહ્યા હોય. દસ મિનિટ શાંતિ રહી.

આખરે એમના હોઠ ઊઘડયા અને એ ધીમેથી બોલ્યા :

"તમે કહો છો હું 'હું' જાણવા માગું છું. એ હું એટલે શું તે કહી શકશો?"

એ શું કહેવા માગતા હતા? દુભાષિયાની મદદ લેવાને બદલે હવે એમણે અંગ્રેજીમાં મારી સાથે સીધું જ બોલવા માંડયું. મારું મગજ વિસ્મયથી ભરાઇ ગયું.

'હું તમારો સવાલ નથી સમજી શકતો.' મેં નીરસતાથી ઉત્તર આપ્યો.

'મારો સવાલ સાફ નથી? ફરીથી વિચારી જુઓ!'

એમના શબ્દો સાંભળીને મેં ફરી આશ્ચર્ય અનુભવ્યું. મારા મગજમાં એકાએક વિચાર આવ્યો. મારી તરફ આંગળી કરીને મેં મારું નામ કહી બતાવ્યું.

'અને તમે તેને જાણો છો?'

'મારા આખાય જીવન દરમિયાન.' મેં એમની સામે સ્મિત કર્યું.

"પણ તે તો તમારું શરીર જ છે! હું ફરી પૂછું છું કે 'તમે' કોણ છો?"

એ અસાધારણ સવાલનો જવાબ મને જલદી ન મળ્યો.

મહર્ષિએ ચાલું રાખ્યું :

'સૌથી પહેલાં તે 'હું' ને જાણી લો, પછી તમે સત્યને જાણી શકશો."

મારું મન પાછું ગૂંચવણમાં પડયું. મારી મૂંઝવણનો પાર ન રહ્યો. એ મૂંઝવણ વાણીના રૂપમાં બહાર આવી. પરંતુ મહર્ષિ પોતાના અંગ્રેજીની પરિસીમા પર પહોંચી ગયેલા દેખાયા. એટલે તો એમણે દુભાષિયા તરફ દૃષ્ટિ ઠેરવી અને ધીમેથી એમના ઉત્તરનો અનુવાદ કરી બતાવવામાં આવ્યો :

'કરવાનું કામ એક જ છે. તમારી પોતાની અંદર ડોકિયું કરો. એ કામ સાચી રીતે કરો તો તમારી સઘળી સમસ્યાઓના ઉત્તર તમને મળી રહેશે.'

એ પ્રત્યુત્તર જો કે વિચિત્ર લાગ્યો, તોપણ મેં પૂછ્યું :



'એને માટે શું કરવું જોઇએ? કઇ પદ્ધતિનો આધાર લેવો જોઇએ?'

'પોતાના સ્વરૂપનો ઊંડો વિચાર કરવાથી અને સતત ધ્યાન ધરવાથી પ્રકાશની પ્રાપ્તિ કરી શકાય છે.'

'સત્યનું ધ્યાન તો મેં અવારનવાર ધર્યું છે, પરંતુ પ્રગતિની કોઇ નિશાની નથી દેખાતી.'

'કોઇ પણ પ્રકારની પ્રગતિ નથી થઇ એવું તમે શી રીતે જાણ્યું? આત્મિક વિકાસના ક્ષેત્રમાં થતી પ્રગતિનો ખ્યાલ કાંઇ સહેલાઇથી નથી આવી શકતો.'

'ગુરુની મદદની જરૂર પડે છે?'

'પડે પણ ખરી.'

'તમે સૂચવો છો તે પ્રમાણે પોતાની અંદર ડોકિયું કરવામાં ગુરુ કોઇને મદદ કરી શકે?'

'આ શોધમાં માણસને જેની જરૂર છે તે બધું જ એ આપી શકે છે. એ વસ્તુની પ્રતીતિ વ્યક્તિગત અનુભવદ્વારા કરી શકાય છે.'

'ગુરુની મદદથી થોડો ઘણો પ્રકાશ મેળવવામાં કેટલો વખત લાગે છે?'

'એનો આધાર સાધકના મનની પરિપક્વતા પર છે. દારૂ એક ક્ષણમાં જ સળગી ઊઠે છે, પરંતુ કોલસાને સળગતાં ઘણો વખત લાગે છે.'

મારા પર એવી છાપ પડી કે ગુરુઓ અને એમની પદ્ધતિઓની ચર્ચા મહર્ષિને પસંદ નથી પડતી. છતાં મારી માનસિક ચીવટને લીધે એ છાપને ગણકાર્યા વગર, એ જ વિષય પર મેં

એમને બીજો વધારાનો પ્રશ્ન પૂછી કાઢયો. એમણે પોતાની ગંભીર મુખાકૃતિને બારી તરફ ફેરવી, પાછળની તળેટીના વિસ્તાર તરફ જોવા માંડયું, અને કશો ઉત્તર ન આપ્યો. એ સૂચના સમજી લઇને મેં વિષય પડતો મૂક્યો.

'આપણે કટોકટીના જમાનામાં જીવીએ છીએ એ જોતાં, મહર્ષિ દુનિયાના ભાવિ વિષે અભિપ્રાય આપી શકશે?'

'તમારે ભવિષ્યની ચિંતા શા માટે કરવી જોઇએ?' સંતપુરુષે સામેથી પૂછ્યું : 'તમે વર્તમાનને પણ બરાબર નથી જાણતા. વર્તમાનને સંભાળો. ભવિષ્ય તો પોતાની સંભાળ પોતાની મેળે જ રાખશે.'

મારી વાતનો ફરી વાર અસ્વીકાર! છતાં આ વખતે મેં એટલું જલદી નમતું ન જોખ્યું, કારણ કે હું એવી દુનિયામાંથી આવતો હતો જ્યાં આ શાંતિમય એકાંત આશ્રમની સરખામણીમાં જીવનની કરુણતાઓ માણસને વધારે પ્રમાણમાં વેઠવી પડે છે.

'દુનિયા નજીકના ભાવિમાં પારસ્પરિક મિત્રતા તથા સહાયતાના નવા યુગમાં પ્રવેશ કરશે કે અંધાધૂંધી અને યુદ્ધમાં સપડાશે?' મેં પૂછવાનું ચાલુ રાખ્યું.

મહર્ષિ મારા પ્રશ્નથી જરાય પ્રસન્ન થયા ન લાગ્યા. છતાં બોલ્યા :

'સંસાર પર શાસન કરનારી એક શક્તિ છે. અને સંસારની સંભાળ રાખવાનું કામ તેનું છે. સંસારને જીવન આપનાર બરાબર જાણે છે કે તેની સંભાળ કેવી રીતે રાખવી. સંસારનો ભાર તે ઉપાડે છે, તમે નથી ઉપાડતા.'

'છતાં ચારે તરફ પૂર્વગ્રહરહિત નજરે જોઇએ તો દયાળુતાનો



એ ખ્યાલ ક્યાં બંધ બેસે છે, એ જોવાનું કઠિન થઇ પડે છે.' મેં વિરોધ કર્યો.

સંત વધારે નાખુશ થયા દેખાયા. તોપણ એમણે ઉત્તર આપ્યો:

'જેવા તમે છો તેવી જ દુનિયા છે. તમારી જાતને જાણ્યા વગર દુનિયાને જાણવાનો પ્રયત્ન કરવાનો શો અર્થ છે? સત્યના શોધકોએ એ પ્રશ્ન પ્રત્યે ધ્યાન ન આપવું જોઇએ. એવા પ્રશ્નોની પાછળ લોકો પોતાની શક્તિ બરબાદ કરે છે. સૌથી પહેલાં તો તમારી અંદરના સત્યને શોધી કાઢો. તે પછી તમે જેના વિભાગ છો તે દુનિયાની પાછળના સત્યને સમજવાની વધારે સારી શક્તિ મેળવી શકશો.'

એ એટલેથી અટકી ગયા કોઇ પરિચારકે પાસે આવીને બીજી અગરબત્તી સળગાવી. મહર્ષિએ ઊંચે ચડતા ધુમાડાના વાદળી ગોટા જોયા ને પોતાની હસ્તલિખિત પુસ્તિકા લીધી, એનાં પૃષ્ઠો ઊઘાડીને એમણે પોતાનું કામ કરવા માંડયું. એવી રીતે પોતાનું ધ્યાન એમણે મારા પરથી હઠાવી લીધું.

એમની એ તાજી ઉદાસીનતાને લીધે મારા આત્મસન્માન પર પાણી ફરી વળ્યું. લગભગ પંદર મિનિટ સુધી હું એમની આગળ બેસી રહ્યો, પરંતુ મારા પ્રશ્નોના ઉત્તર આપવાનું એમનું વલણ ન લાગ્યું. અમારો વાર્તાલાપ ખરેખર પૂરો થયો છે એમ માનીને, લાદીવાળી જમીન પરથી ઊઠીને વિદાયસૂચક પ્રણામ કરીને, હું બહાર નીકળ્યો.

(ક્રમશઃ)

## અંબાજી–સ્વર્ગારોહણમાં

# નવરાત્રિ જપયજ્ઞ

તંત્રી

દર વર્ષની જેમ આ વર્ષે પણ અંબાજીમાં માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહમાં નવરાત્રિનો જપયજ્ઞ રાખવામાં આવેલ છે. નવરાત્રિનો પ્રારંભ તા. ૨–૧૦–૯૭ ના રોજથી ને તેની પૂર્ણાહુતિ તા. ૧૦–૧૦–૯૭ ના રોજ થશે. જે ભાઈબહેનો નવરાત્રિના પ્રારંભથી જ આ જપયજ્ઞમાં જોડાવા ઇચ્છતા હોય, તેઓએ તા. ૧–૧૦–૯૭ ની રાત સુધીમાં અંબાજી હાજર થઈ જવા વિનંતી છે. અનુકૂળતા પ્રમાણે સાધકો વચ્ચેથી પણ જોડાઈ શકે છે.

જપયજ્ઞનું સંચાલન યુવાન ઉત્સાહી સાધક શ્રી અજયભાઈ કલોલા તેઓના યુવાન મિત્રોની સહાયથી કરશે. ભોજન કે ફલાહારની વ્યવસ્થા સમૂહમાં પરસ્પરની સહાયથી દર વર્ષની જેમ સાધકોએ કરવાની રહેશે.

જપયજ્ઞમાં જોડાનાર ભાઈબહેનોએ પોતાનું આસન, માળા, સરલગીતા, વિષ્ણુસહસ્ર, શિવમહિમ્ન ને તુલસીદળ જેવાં પુસ્તકો સાથે રાખવાં જરૂરી છે.

પ. પૂ. બાપજી આ જપયજ્ઞમાં ઉપસ્થિતિ રહે તે માટે વિનંતિ કરવામાં આવી છે. તે સમય દરમ્યાન પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ભારત પધારે તો, આ જપયજ્ઞમાં જોડાઈ, સહુને તેમની પવિત્રતમ દિવ્ય ઉપસ્થિતિનો લાભ આપે એવી વિનંતી સાથે અપેક્ષા છે.

જોડાનાર ભાઈબહેનો મેનેજર શ્રી સ્વર્ગારોહણ દાંતારોડ, અંબાજી (બનાસકાંઠા–૩૮૫૧૧૦) ને સમયસર લખી જણાવે તો સુગમતા રહેશે.



# ગુરુપૂર્ણિમા

સુરેશભાઈ શાહ, કેનેડા.

ગુરુ અને શિષ્યના આધ્યાત્મિક જીવનનું આ મહામૂલ્યવાન પર્વ. શિષ્યની પોતાના સમર્થ સદ્‌ગુરુદેવની સ્થાપિત કરેલી મૂર્તિને હૃદયાસન પર પ્રસ્થાપિત કરી તેને શ્રદ્ધા અને ભક્તિનાં પુષ્પો અને અર્ઘ્ય આપવાનો પવિત્ર દિવસ. પૂ. શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રના સૌ સાધક ભાઈબહેનોને આજના પનોતા પર્વે, વિદેશની ધરતી ઉપર કેનેડામાં, પૂ. મા સર્વેશ્વરીના દર્શન, સાન્નિધ્ય અને ગુરુકૃપાનો આનંદ લૂંટવાનો અનેરો અવસર પ્રાપ્ત થાય છે.

પૂ. માની આજ્ઞાનુસાર સવારે ૭–૦૦ થી ૯–૦૦ ગુરુનો મહિમા ગાવા, ગુરુનો મહિમા જાણવા અને સમર્થ સદ્‌ગુરુ પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી સાંભળવા તથા મંત્રગાન કરવા સૌ સાધક ભાઈબેનો યજમાનના નિવાસસ્થાને ઉપસ્થિત થાય છે.

પૂ. શ્રીનું સ્વરૂપ પૂ. શ્રીની પાદુકા અને પૂ. માની બેઠકને ધ્યાનકેન્દ્રના સેવાભાવી સાધકો શ્રી ડાહ્યાભાઈ લાડ અને શ્રી નરેન્દ્રભાઈ મિસ્ત્રીએ નયનરમ્ય સુશોભિત કર્યાં છે. પૂ. માની આજ્ઞા પ્રમાણે પૂ. શ્રીની પાદુકાની ઊંચાઈથી પૂ. માની બેઠક નીચી રાખવામાં આવી છે. પૂ. માની, પૂ. શ્રીની હાજરીની પ્રતીતિ આ કથનથી થતી સમજાય છે. ગુરુભક્તિની પૂ. માની અનુપમ શક્તિને પ્રણામ કરવાનું મન થાય છે.

સવારે બાળ રવિરાજ પોતાના સોનેરી કિરણોથી જાણે સૌને પ્રેરણા, આહ્‌લાદકતા અને ઉષ્મા આપતા જણાય છે. સૌ સમયસર પધારે છે, સૌના હૈયામાં આનંદ છલકાય છે. સૌ સ્થળના દિવ્યપરમાણુઓને પામી શકે છે. ધન્યતા અનુભવી શકે છે,

સ્પંદનો અનુભવી શકે છે.

પ્રશાંત, દિવ્ય વાતાવરણમાં મંત્રોચ્ચાર થાય છે અને ત્યારબાદ મંત્રગાન થાય છે, ધૂપ, દીપ અને મંત્રગાનથી વાતાવરણ અનેરા ભક્તિભાવથી ઉભરાય છે. ત્યાર પછી પૂ. શ્રીના ૧૦૮ પ્રણામ સૌ સાધકો કરે છે અને પ્રણામ પૂરા થતાં જ પૂ. મા પૂ. શ્રીના સ્વરૂપ સાથે પધારે છે. શાંત, ધીરગંભીર પૂ. મા, પોતાના સદ્‌ગુરુને ગુરુપૂર્ણિમાને દિવસે એક લાખ મંત્રજપનો અર્ધ્ય આપવા કૃત-નિશ્ચયી બન્યાં છે. ભક્તોદ્વારા ગુરુપૂર્ણિમાને પર્વે સામાન્ય રીતે ગુરુને જીવનજરૂરિયાતની વસ્તુ, પુષ્પહાર, ચંદન કે પૈસાની ભેટ ધરાય છે પણ પૂ. મા, કે જેમની ગુરુભક્તિ અતિવિરલ છે તેઓ એક લાખ જપદ્વારા ગુરુદક્ષિણા આપવા કટીબદ્ધ બન્યાં છે. આત્મસમર્પણ અને ગુરુભક્તિની સવિશેષતા અને પ્રખર મનો-બળના અહીં સૌને દર્શન થાય છે.

પૂ. શ્રીની અમૃતવાણીનું ઓડીઓ કેસેટથી સૌ રસપાન કરે છે. અંગ્રેજી ભાષાનું પૂ. શ્રીનું જ્ઞાન અને સચોટ રજૂઆત કરવાની અનોખી પદ્ધતિનું પણ સૌને દર્શન થાય છે.

સાનફ્રાંસીસ્કોથી પધારેલા ભારતીબેન ભાવવાહી ભજન અને ધૂનોથી સૌને પુલકિત કરે છે અને મેમ્ફીસથી પધારેલાં ગુલાબબેન પણ પોતાના વક્તવ્યમાં પૂ. માની સિદ્ધિઓને અંજલિ આપતાં ગાય છે કે–

"પૃથ્વી પર તું પ્રકટી દેવી, કહેવાણી મા તું સર્વેશ્વરી,
મૌન મંદિર ગુફા મહીં તું બેઠી પલાંઠીવાળી,
પામી પ્રસાદી હરિવરની તું...
ગુરુભક્તિની લહેર મહીં તું, હૈયું દીધું ધરી,
વિરહની અગ્નિમાં તપીને, પામી સિદ્ધિ અનેરી..."



અને ધૂન ગવડાવે છે–શિષ્ય પરમ મંગલમ્, ગુરુ કૃપાહી કેવલમ્.

ગુલાબબેનની ગુરુભક્તિ અને હૃદયના વિશુદ્ધ ભાવો અને ભાષા સૌને સ્પર્શી જાય છે.

"વંદન હજારો વાર ગુરુજી અમારા" ભજનબાદ મનોરમા-બેન પાઠક પૂ. માની આજ્ઞાથી ગુરુ ૐ ની ધૂન ગવડાવે છે. અંતમાં જય જય જય ગુરુદેવની શક્તિ વંદુ પુનિત પ્રભાતે... આરતી થાય છે. પૂ. મા સૌને પ્રસાદીમાં પૂ. શ્રી અને શ્રીકૃષ્ણનું સ્વરૂપ ભેટમાં આપે છે. સૌ વ્યક્તિગત પ્રણામ કરી પ્રસાદ લઇ વિદાય થાય છે. બે કલાકના કાર્યક્રમમાં સૌ સંતોષ, આનંદ અને પવિત્રતાની પ્રસાદી પામે છે. વ્યક્તિગત પ્રણામ દરમ્યાન સૌ પૂ. શ્રી અને પૂ. માની સ્તવનમાળા પણ કરે છે.

સંચાલક શ્રી સુરેશભાઇ શાહ જણાવે છે કે વિત્તૈષણા અને લોકેષણાથી પૂ. મા અલિપ્ત રહી શકે છે કારણ ગુરુનો મહિમા અને ગુરુભક્તિ જ કેવળ પૂ. માના આધ્યાત્મિક જીવનનાં મહા-મૂલ્યો છે. પૂ. મા, પૂ. શ્રી વિષે જણાવે છે કે સૂર્ય જેવા ઝળહળતા સદ્‌ગુરુએ એક કાંટો પણ ચૌદવર્ષથી નથી વાગવા દીધો. સૂક્ષ્મરૂપે પણ કેવી કાળજી રાખે છે!

આજના મંગલપર્વે સૌ સાધકો પૂ. શ્રીને અને પૂ. માને પ્રણામ કરી આધ્યાત્મિક જગતમાં સૂર્ય અને ચંદ્રની જેમ પ્રકાશિત બંને વિભૂતિઓને એક જ સ્વરૂપે નિહાળી વિસ્મયમાં પડી જાય છે. અને કહેવાય જાય છે.

"કાળે ઝૂટવી છીને કાયા, પણ મનમંદિરે મૂર્તિ પ્રકાશે,
અંતરથી અળગી કરવાનું, જોર નથી કોઇ પાસે,
વિરલ વિભૂતિ આવી સંસારે, લાખ કરોડે કો થાશે,
દાનવમય થાતી દુનિયામાં, "દેવ" થઇ મા પૂજાશે."

શ્રી હરિભાઇ ભોજાણી, મોરબી ધ્યાનકેન્દ્રના સચાલકનો સંદેશો સૌને વાંચી સંભળાવવામાં આવ્યો હતો તથા મુંબઇ અને વડોદરા ધ્યાનકેન્દ્રોમાં ૨૪ કલાકના કાર્યક્રમનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

બપોરે શ્રી પી. કે. શાહને નિવાસસ્થાને પૂ. શ્રીની પાદુકા-પૂજનનો કાર્યક્રમ હતો. બોલ્ટન, મેમ્ફીસ અને લોસએંજલસથી પધારેલા સાધકોને યજમાન પરિવાર સાથે પૂજાનો લાભ મળ્યો હતો. શ્રી અશોકભાઇ પાઠકે શાસ્ત્રોક્તવિધિથી પૂજા કરાવી હતી. સૌ પ્રસાદ લઇ, પાદુકાને પ્રણામ કરી વિદાય થયા હતા. હરિઃ ૐ.

---

### પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી

આ વર્ષે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના જન્મદિન ૧૫ મી ઓગસ્ટની ઉજવણી અમદાવાદ, વડોદરા, રાજકોટ, મોરબી, મુંબઇ, ભાવનગર, મસૂરી વગેરે સ્થળોએ કરવામાં આવી હતી. સાધકોએ પૂ. શ્રીના સમૂહપૂજન, અર્ચન તેમ જ તેમના જીવનના પ્રેરણાત્મક પ્રસંગોના વાર્તાલાપો તથા પૂ. મા શ્રી સર્વેશ્વરી તેમ જ પ. પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોની ઓડિયો કેસેટોના શ્રવણથી તે દિન ઉજવ્યો હતો.

પરદેશોમાં પણ યુ. કે. માં રગ્બી, અમેરિકામાં નોર્થબર્ગન તેમ જ સાન્ટા આના (લોસ એન્જેલેસ) અને કેનેડાના ટોરન્ટામાં પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં આ દિનની ઉજવણી ખૂબ ભાવપૂર્વક કરવામાં આવી હતી.

— તંત્રી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

લક્ષ્મણે રામને આશ્વાસન આપ્યું. છતાં પણ રામ લાંબા વખત લગી એવા જ ઉદ્દગારો કાઢતા રહ્યા. સીતાની મધુમય મૂર્તિને નિરખતાં અને સીતા સંબંધી વિચારો કરતાં આખરે એમને ઊંઘ આવી ગઇ. પરંતુ લક્ષ્મણની આંખ આગળ લાંબા વખત લગી ઊર્મિલા જ રમતી રહી.

એનો ત્યાગ, સ્નેહ અને સમર્પણ ભાવ એના હૈયાને હલાવવા લાગ્યો.

ઊર્મિલાની અંદર આવી બધી અસાધારણતા હશે એની કલ્પના તો એને પોતાને પણ ક્યાં હતી?

ઊર્મિલા એ વખતે અયોધ્યાના રાજપ્રાસાદમાં પ્રથમ પ્રહરની નિદ્રામાંથી ઊઠીને પથારી પર બેઠેલી. એ પણ રામ તથા લક્ષ્મણ અને સીતાના, ખાસ કરીને લક્ષ્મણના વિચારોમાં જ મગ્ન હતી.

એનું અંતર એ વિચારોથી ભાતભાતની લાગણીનો અનુભવ કરતું.

હજારો ગાઉ દૂર બેઠેલા લક્ષ્મણના સ્નેહનાં સંવેદન એના અંતરને પણ ખાસ સંવેદનશીલ બનાવી રહ્યાં.

આજે એને લક્ષ્મણની સ્મૃતિ ખાસ થઇ આવી. એનું કારણ એ કે આજે એનો જન્મદિવસ હતો.

આવા તો કેટલા ય જન્મદિવસ આવ્યા અને ગયા. લક્ષ્મણની અનુપસ્થિતિમાં જ એણે એમને પૂરા કર્યાં.

જન્મદિવસનો વિશેષ ઉલ્લાસ એને ન હતો. એને મન સઘળા દિવસો સરખા હતા.

તોપણ, આજે એ ખૂબ જ વહેલી ઊઠી, પરવારી, અને પ્રાર્થના, પૂજા તથા ધ્યાનમાં બેઠી. એ બધી નિત્ય ક્રિયામાંથી નિવૃત્ત થઇ ત્યાં જ એની પાસે નિષ્કામ આવ્યો. અયોધ્યામાં એ છેલ્લા બે દિવસથી આવેલો.

ઊર્મિલા એને જોઇને આનંદ પામી. એને સ્મિતપૂર્વક સત્કારીને એ બોલી : 'મારી ધારણા જ હતી કે ગઇ કાલની જેમ તું આજે પણ આવશે જ.'

'અયોધ્યામાં હોઉં ત્યાં સુધી તારી પાસે ન આવું એ કેમ બને? તારી પાસે આવ્યા વિના મને શાંતિ જ ન થાય. આજે તો તારી પાસે ખાસ આવવું જોઇએ.'

'કેમ?'

'હું ભૂલતો ન હોઉં તો આજે તો તારો જન્મદિવસ છે.'

'એથી શું થયું?'

'તારે મન એનું મહત્ત્વ કદાચ નહિ હોય પણ મારે મન તો એનું મહત્ત્વ ઘણું મોટું છે. તારો જન્મદિવસ કાંઇ ઓછો મૂલ્યવાન નથી. તારો જન્મ મારા જેવા કેટકેટલાના ઉદ્ધાર માટે થયો છે તેનો પૂરો હિસાબ કોણ કાઢી શકે? તારે લીધે જ મારા જીવનની જડતા દૂર થઇ છે. એટલે મારે માટે તો તારો જન્મદિવસ એક મંગલમય મહોત્સવરૂપ છે.'

એમ કહીને નિષ્કામે ઊર્મિલાના કંઠમાં પહેરાવવા આણેલી સુંદર પુષ્પમાળા કાઢી.



ઊર્મિલાએ એને જોઇને કહ્યું : 'મને માળા પહેરાવવાની ન હોય. મેં માળા પહેરવા જેવું કોઇ જ વિશિષ્ટ કામ નથી કર્યું.'

'એવું તો કેમ માની શકાય?' નિષ્કામે પોતાના દિલના પૂજ્યભાવનો પરિચય કરાવતાં કહ્યું : 'તારું તો જીવન જ વિશિષ્ટ છે. એ જીવનદ્વારા તેં કેટલાંય અસાધારણ કામ કરી બતાવ્યાં છે. તને માળા પહેરાવવામાં તારું જ નહિ પરંતુ માળાનું ય ગૌરવ કરવા જેવું છે.'

'છતાં પણ લક્ષ્મણ વનમાં છે ત્યાં સુધી હું આભૂષણ, સુંદર વસ્ત્ર તથા માળાનો ઉપયોગ નથી કરવા માગતી. એ વનમાંથી પાછા આવે ત્યારે સૌથી પહેલાં રામને, સીતાને અને એમને માળા પહેરાવજે. એથી હું પ્રસન્ન થઇશ અને એ માળા મને પહેરાવી એવું માની લઇશ.'

નિષ્કામે ઊર્મિલાના ચરણે માળા અને ફૂલ અર્પણ કર્યાં.

એ પછી થોડીક આડીઅવળી વાતચીત કરીને એણે કહ્યું : 'મારા મનમાં આજે એક બીજી આકાંક્ષા ઉત્પન્ન થાય છે.'

'શી આકાંક્ષા?'

'એ આકાંક્ષા અત્યંત શુભ છે, અશુભ નથી. તું તો લાંબા વખતથી મારી બહેન બની ચૂકી છે એટલે તારા સંબંધી કોઇ જાતની અશુભ આકાંક્ષા તો થાય જ નહિ. મને એમ થાય છે કે, આજના ધન્ય દિવસે તારા જેવી પ્રેમમયી, પવિત્ર બહેનના ચરણને ધોઇને એ પરમ પવિત્ર પાણીનું આચમન કરું અને એને મારા શરીરે છાંટું જેથી મારી રહીસહી જડતા કે મલિનતા પણ દૂર થાય અને મારો અંતરાત્મા અલૌકિક બની જાય.'

'નિષ્કામ, આ તું શું બોલી રહ્યો છે?'

'જે બોલું છું તે સમજપૂર્વક અને સાચું જ બોલી રહ્યો છું. મને કેટલાય વખતથી એવું લાગે છે કે, તું કોઇ સાધારણ સ્ત્રી નથી પરંતુ જગદંબા પોતે જ છે. મિથિલા નગરીની પેલી વાટિકામાં જગદંબાની જે સુંદર મૂર્તિ છે અને જેના દર્શનથી લોકો કૃતાર્થ બને છે, તે જ જગદંબા તારા રૂપમાં પૃથ્વી પર જાણે કે પ્રકટ થઇ છે. એક સામાન્ય સ્ત્રીમાં આટલી બધી નિષ્કપટતા અને પવિત્રતા ન હોઇ શકે. જનક રાજાએ પૂર્વે ઘણાં પુણ્યો કરેલાં તેથી તું એમને પુત્રીરૂપે પ્રાપ્ત થઇ, અને લક્ષ્મણના પુણ્યોદયથી એને અર્ધાંગિનીરૂપે આવી મળી. બાકી તું જગદંબા પોતે છે. હું તને એ દૃષ્ટિથી જોતાં શીખ્યો છું, અને એ ભાવનાથી જ તારી પૂજા તથા તારું ચરણપ્રક્ષાલન કરવા માગું છું.'

ઊર્મિલાએ કહ્યું : 'હું જગદંબા, ભવાની કે ભગવતી નથી, પરંતુ એક સામાન્ય સ્ત્રી છું, અને મને એ જ દૃષ્ટિએ જો એવી અપેક્ષા રાખું છું. છતાં પણ તારી ભાવના માટે કોઇ જાતનો ઠપકો નહિ આપું. સ્ત્રી માત્રને એ ભાવનાથી જોવાની ટેવ પાડવામાં આવે તો તે ટેવ લાભકારક જ થઇ પડશે. પરંતુ મારું ચરણ-પ્રક્ષાલન તો કોઇ યે સંજોગોમાં નહિ કરવા દઉં, કારણ કે તેની જરૂર નથી ને હું તેને માટે લાયક નથી. તું પુરોહિતપુત્ર છે ને મારા બંધુ બરાબર છે એટલે તારે મારા ચરણપ્રક્ષાલનનો વિચાર જ ન કરવાનો હોય. તારો અંતરાત્મા જડતા કે મલિનતામાંથી મુક્તિ મેળવીને એની મેળે અલૌકિક બનતો જાય છે. મને એ જોઇને આનંદ થાય છે. પહેલાંના અને અત્યારના નિષ્કામમાં આકાશપાતાળનું અંતર છે.' (ક્રમશઃ)

## * જે કરવાનું છે તે જાગૃત બની કરી લો. *

સંસારમાં દુઃખનો અનુભવ થાય છે તોપણ દુઃખ અમર નથી. અવિચળ કે અટલ નથી. તે તો એક વિકાર છે. તેથી તે ગમે તેટલા નાના કે મોટા પ્રમાણમાં હોય તોપણ બેસી રહેશે ને યાવચ્ચંદ્રદિવાકરૌ રહેશે એમ માની લેવાની જરૂર નથી. તે દૂર થઇ શકે છે ને તેને દૂર કરવાનો પ્રામાણિક તથા સમજ-પૂર્વકનો પુરુષાર્થ કરવો જ જોઇએ. પતંજલિ પણ એ જ વાતનો નિર્દેશ કરી રહ્યા છે. તેઓ કહે છે કે ભવિષ્યમાં આવનારાં જે દુઃખ છે તેમનો ઉપાય અત્યાર સુધીમાં જ કરી લો. જે દુઃખ પૂરાં થયાં છે તે તો પૂરાં થઇ ગયાં. જે ચાલી રહ્યાં છે અથવા તો અત્યારે ભોગવવાં પડે છે તે પણ ભોગવવાથી શાંત થઇ જશે. પરંતુ વર્તમાનકાળ હજી તમારા હાથમાં છે, તેનો બરાબર ઉપયોગ કરીને ભાવિ જીવનને વધારે ને વધારે શાંતિમય, સુખરૂપ કરી શકો છો. હજી વખત કાંઇ વહી નથી ગયો. બાજી બધી તમારા હાથમાં છે. ભૂતકાળ ને વર્તમાનનો શાંતિથી વિચાર કરો. તેમાંથી જરૂરી સાર ગ્રહણ કરો. નવા જીવનનો નવો નકશો નવેસરથી તૈયાર કરો ને તેને સાકાર કરવા મન મૂકીને મહેનત કરો તો જે ધારશો તે કરી શકશો ને બાકીના જીવનને સર્વોત્તમ તથા સંપૂર્ણ સુખમય કરી દેશો. માટે વખતને બરબાદ ના કરો. ઊઠો, વિચાર કરો, નિશ્ચયબળ કેળવો ને પુરુષાર્થના પ્રગતિપથ પર મક્કમતાથી પગલાં ભરો. જે સમય છે તે સોનેરી છે, ને હાથમાં આવેલો એ સોનેરી સમય ક્ષણે ક્ષણે વહી કે ઘટી રહ્યો છે ને પૂરેપૂરો વહી જાય તે પહેલાં જે કરવાનું છે તે કરી લો.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * સમાધિ સાધક માટે જરૂરી ખરી? *

'સમાધિ સાધકને માટે ખરેખર જરૂરી છે ને તેના વિના ના ચાલે અથવા જીવનનું શ્રેય ના સાધી શકાય?'

એ પ્રશ્નના ઉત્તરમાં આપણે કહીશું કે યોગમાર્ગની સાધનામાં સમાધિનું સ્થાન ખૂબ ખૂબ મહત્ત્વનું છે. તેના વિના પરમાત્માનું દર્શન કે સ્વરૂપનો સાક્ષાત્કાર તદ્દન અસંભવ થઇ પડે છે. યોગદર્શનની અત્યાર સુધી વિચા-રણાનું ધ્યાન રાખનાર એ વાત સહેલાઇથી સમજી શકે તેમ છે. એટલે યોગમાર્ગે આગળ વધવાની ઇચ્છાવાળા સાધકે તેની સિદ્ધિ કરવી જ જોઇએ. તેને તેના વિના ના જ ચાલી શકે. જ્ઞાનીને માટે પણ આત્માની અપરોક્ષ એવી અનુભૂતિને માટે નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ આવશ્યક છે. એવો શ્રીશંકરાચાર્યનો ચોક્કસ અભિપ્રાય છે. તે વિના જ્ઞાની પરમાત્માના પ્રત્યક્ષ અનુભવથી ને પરમાત્માની નિષ્ઠાથી વંચિત રહી જાય છે એ નક્કી છે. વિષયોની રહીસહી રસવૃત્તિ સંપૂર્ણપણે શાંત થવાનું તેના વિના મુશ્કેલ બની જાય છે. એટલે—જ્ઞાનમાર્ગના મુસાફરે પણ સમાધિનો અનુભવ કરવો જ રહ્યો. સમાધિ કોઇ સાધ્ય વસ્તુ તો નથી જ. પણ સાધ્ય વસ્તુની સિદ્ધિમાં મદદરૂપ હોવાથી જ એનો આધાર લેવાનો છે એ ભૂલવાનું નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.